

P.07

કેટરિના કૈફને ત્યાં પણ પુત્ર જન્મ, બોલીવૂડમાં વધામણીનો વરસાદ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૯૪ । વિક્રમ સંવત ૨૦૮૨ : કારતક વદ ૦૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

ditor : Avesh K Malaviya • Year : 04 • Issue : 94 • Dt.09-11-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, hastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

રશ્મિકા મંદાના અને વિજયના લગ્ન કન્ફર્મ! અભિનેત્રીએ કહ્યું - એમના માટે ગોળી ખાવા તૈયાર!


અમેરિકામાં શટડાઉનની અસર દેખાવા લાગી ૪૦ એરપોર્ટ પર હજારથી વધુ ફ્લાઈટ કેન્સલ



07

09 NOVEMBER- 2025 SUNDAY




07

અમેરિકાએ શરૂ કરી ૧૭૫થી વધુ એચ-૧બી વિઝા કંપનીઓની તપાસ

**ટેરિફ વૉરને કારણે કેમિકલની અમેરિકા તરફની નિકાસ સાવ જ તળિયે**

## અમેરિકાએ ટેરિફ વોર છેડીના ભારતીય કેમિકલ્સ પર ૨૫ ટકા ટેરિફ લગાડી દેતા ભારતના ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા ખતમ થઈ ગઈ

# ગુજરાતના કેમિકલ ઉદ્યોગ પર અમેરિકાના ટેરિફને કારણે મંદીનો ઓછાયો

### ટેરિફ વૉરને કારણે ગુજરાત અને ભારતમાંથી અમેરિકામાં થતી કેમિકલની નિકાસ મંદ પડીને સાવ જ બંધ થઈ ગઈ હોવાથી કેમિકલ ઉદ્યોગ પર મંદીનો પ્રભાવ વધી રહ્યો છે

। પ્રતિનિધિ, અંબાજી, તા.૭ ।

ટેરિફ વૉરને કારણે ગુજરાત અને ભારતમાંથી અમેરિકામાં થતી કેમિકલની નિકાસ મંદ પડીને સાવ જ બંધ થઈ ગઈ હોવાથી કેમિકલ ઉદ્યોગ પર મંદીનો પ્રભાવ વધી રહ્યો છે. બીજીતરફ મંદીની ગિરફતમાં આવી રહેલા ગુજરાત અને ભારતના કેમિકલ ઉદ્યોગને ચીન સાથેના સુધરી રહેલા સંબંધમાં વિશ્વ વેપારમાં કાઠું કાઢવાનો અવકાશ જોવા મળી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચાલુ કરેલા ટેરિફ વૉરને કારણે કેમિકલની અમેરિકા તરફની નિકાસ સાવ જ તળિયે જઈ બેઠી છે ત્યારે ભારત, ચીન અન રશિયા વચ્ચે નવી ધરી રચાઈ રહી હોવાથી ચીન પાસેથી ફાર્માસ્યૂટિકલ તથા ડાઈઝ ઈન્ટરમિડિયેટ્સ ઈન્ડસ્ટ્રીઝ માટે રૉ મટિરિયલ મળવાની અને કેમિકલ ઉદ્યોગ માટેની ઓટોમાઈઝેશનની ટેક્નોલોજી મળવાનો આશાવાદ બુલંદ બની રહ્યો છે.

અમેરિકાએ ટેરિફ વૉર છેડીના ભારતીય કેમિકલ્સ પર ૨૫ ટકા ટેરિફ લગાડી દેતા ભારતના ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા ખતમ થઈ ગઈ છે. ભારતના એકમોની અમેરિકાની ખાતેની નિકાસ મંદ પડીને હવે બંધ થવા આવી છે. પરિણામે તેમની નિકાસ ખાસ્સી ઓછી થઈ ગઈ છે. હવે ભારતીય કેમિકલ ઉદ્યોગના એકમો ચીન પાસે કેમિકલ પ્રોસેસના ઓટોમાઈઝેશન એટલે કે માનવ બળના ઉપયોગ વિના જ થઈ કેમિકલની પ્રક્રિયા માટેની ટેક્નોલોજી મેળવવા માગે છે. ચીન સાથેના સંબંધો સુધરતા ટેક્નોલોજી મળવાનો માર્ગ ખૂલ્લો થશે.




કેમિકલ ઉદ્યોગ માટેની ઓટોમાઈઝેશનની ટેક્નોલોજી મળતાં પ્રોડક્શન કોસ્ટ ખાસ્સી નીચી આવી જવાની સંભાવના રહેલી છે.અત્યારે ચીનનો કેમિકલ ઉદ્યોગના ૮૦ ટકા એકમો ઓટોમાઈઝેશન પર જ ચાલી રહ્યા છે. ભારતમાં ઓટોમાઈઝેશન પર ચાલતા કેમિકલ કે ડાઈઝ ઈન્ટરમિડિયેટ્સના એકમોની સંખ્યા માંડ દસ ટકા જેટલી હોઈ શકે છે. તેથી ચીનની ઓટોમાઈઝેશનની ટેક્નોલોજી કોસ્ટ કટિંગ માટે મહત્ત્વની છે. ભારતના કેમિકલ ઉદ્યોગ હવે કોસ્ટ કટિંગ કરીને આંતરરાષ્ટ્રીય બજારમાંની સ્પર્ધાત્મકતા વધારવા માટે ચીન પર મદાર બાંધી રહ્યો છે. ઓટોમાઈઝેશનને કારણે કોસ્ટિંગમાં એટલે કે પડતર કિંમતમાં ૧૦થી ૨૦ ટકાનો ઘટાડો આવી જતો હોવાના ગણિતો માંડવામાં આવી રહ્યા છે.

**લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે વિદેશી દારૂના મોટા કારોબાર પર કડક કાર્યવાહી કરી**

## દારૂની ગાડીનું કટિંગ થઈ રહ્યું હતુ અને પોલીસ પહોંચી,૧.૩૭ કરોડનું વિદેશી દારૂ-૭ ગાડીઓ જપ્ત । ત્રણ લોકોની ધરપકડ

। પ્રતિનિધિ, ખેડા, તા.૮ ।

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ગાડવેલ ગામ નજીક લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિદેશી દારૂના મોટા કારોબાર પર કડક કાર્યવાહી કરી છે. પ ોલીસના દરોડામાં અંદાજે ૧ કરોડ ૩૭ લાખ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તે ઉપરાંત ૭ વાહનો અને અન્ય મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં ૩ આરોપીઓને અટકાયતમાં લેવામાં આવ્યા છે, જેમાંથી એક આગ્રા (ઉત્તર પ્રદેશ)નો અને બે કઠલાલ વિસ્તારના છે. કુલ મુદ્દામાલની કિંમત ૧ કરોડ ૮૩ લાખથી વધુ જણાવાઈ રહી છે, અને આ મામલે ગણનાપાત્ર કેસ નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, ખેડા એલસીબીએ ગુપ્ત બાતમીના આધારે ગાડવેલ ગામ નજીક દારૂનું કટીંગ થતું હોવાથી તુરંત રેડ કરવામાં આવી હતી. દરોડા દરમિયાન પ ોલીસને વિદેશી દારૂના વિશાળ જથ્થા સાથે ૭ વાહનો મળી આવ્યા હતા, જે વિદેશી દારૂની ડિલિવરી લેવા માટે આવ્યા હતા. આરોપીઓ વિદેશી દારૂને વાહનો થકી આસપાસના વિસ્તારો સુધી પહોંચાડવામાં આવવાનો હતો. ડીવાયએસપી દિવ્યાબેન જાડેજાએ પ ોતાની ટીમના માર્ગદર્શન હેઠળ આ ઓપરેશનને અમલમાં મુક્યું, જેમાં તેમણે જણાવ્યું કે, “આ કાર્યવાહીથી દારૂબંધીના કાયદાનું ઉલ્લંઘન કરતા તત્ત્વોને મોટો ફટકો લાગ્યો છે. અમે તપાસમાં દારૂના સ્ત્રોત અને વેચાણના માર્ગની ઊંડી તપાસ કરીશું.” આરોપીઓની ધરપકડ દરમિયાન પોલીસને કુલ ૪૫ લાખથી વધુના વાહનો અને અન્ય સામગ્રી મળી, જેની કુલ કિંમત ૧.૮૩ કરોડથી વધુ છે.







## પાલનપુરના ચડોતર ગામે ઠાકોર સમાજનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

# ઠાકોર સમાજના કાર્યક્રમમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ ફરીથી એક મંચ પર જોવા મળ્યા

### સાંસદ ગેનીબેન ઠાકોર, ક્ષત્રિય ઠાકોર સેનાના સ્થાપક અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ધારાસભ્ય કેસાજી ઠાકોર, ધારાસભ્ય અમૃતજી ઠાકોર હાજર રહ્યા હતા

| પ્રતિનિધિ, પાલનપુર, તા.૮ |

પાલનપુરના ચડોતર ગામે ઠાકોર સમાજનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. ઠાકોર સમાજ સ્નેહ મિલન કાર્યક્રમાં ભાજપ કોંગ્રેના નેતાઓ એક મંચ પર જોવા મળ્યા હતા. સાંસદ ગેનીબેન ઠાકોર, ક્ષત્રિય ઠાકોર સેનાના સ્થાપક અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ધારાસભ્ય કેસાજી ઠાકોર, ધારાસભ્ય અમૃતજી ઠાકોર હાજર રહ્યા હતા. સ્નેહમિલન કાર્યક્રમમાં સાંસદ ગેનીબેન ઠાકોરે સરકાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, વર્તમાન સરકાર ઠાકોર સમાજ સાથે ઘણી રીતે અન્યાય કરી રહી છે. ખાતાની ફાળવણી ઠાકોર સમાજની મજાક અને મશ્કરી સમાન છે. તો અલ્પેશ ઠાકોરે કહ્યું કે, અમારા સંગઠનમાં કામ કરનાર સ્વરૂપજી ઠાકોર મંત્રી બન્યા. મંત્રીમંડળમાં સ્વરૂપજીની પસંદગી બદલ આભાર માનીએ છીએ. બનાસકાંઠાના પાલનપુરના ચડોતર ગામે ઠાકોર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાંસદ ગેનીબેન ઠાકોર, ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બનાસકાંઠાના પાલનપુરના ચડોતર ખાતે ઠાકોર સમાજના સંમેલનમાં દિયોદર ધારાસભ્ય કેશાજી ઠાકોર, અલ્પેશ ઠાકોર અને સાંસદ ગેનીબેન ઠાકોર એક મંચ પર આવ્યા



હતા. આ પ્રસંગે ભાજપ કોંગ્રેસના નેતાઓ એકસાથે મંચ પર હાજર રહ્યા હતા. ત્યારે ઠાકોર સમાજના સંમેલનમાં અલ્પેશ ઠાકોરે સાંકેતિક રાજકીય ઈશારો કર્યો હતો. અલ્પેશ ઠાકોરે કહ્યું આ મારો ઈશારો છે. આ ઈશારામાં જે સમજવું હોય એ સમજી જજો. સમાજ માટે ૩૨ લક્ષણા પુરુષ તરીકે બલિદાન આપવું પડશે તો આપી દઈશ. વાવડીમાં પાણી ખૂટે એટલે અલ્પેશ ઠાકોર એનું બલિદાન આપશે. આ ઈશારામાં જે સમજવું હોય એ સમજી જજો. અત્રે ઉલ્લેખનીય છે કે, મંત્રીમંડળના વિસ્તરણ બાદ દિયોદરમાં પણ અલ્પેશ ઠાકોરે આવી ઈશારાભરી વાતો કરી હતી. આજે પાલનપુરમાં પણ અલ્પેશ ઠાકોરે રાજકીય ઈશારો કર્યો છે.તો ઠાકોર સમાજ સ્નેહમિલન કાર્યક્રમ દરમ્યાન સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યું કે, શાસક પક્ષ તરીકે એ ના બોલી શકે પણ વિપક્ષ તરીકે અમે બોલી શકીએ કે વર્તમાન સરકારએ ઠાકોર સમાજ સાથે અન્યાય કર્યો છે. વર્તમાન સરકાર ઠાકોર સમાજને ઘણી રીતે અન્યાય કરી રહી છે.

## સાવકો પિતા બન્યો હેવાન : ૨ વર્ષના બાળક સાથે આચર્યું સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

| પ્રતિનિધિ, ભુજ, તા.૮ |

કચ્છ પૂર્વના અંજાર નજીક આવેલા એક ગામમાં બે વર્ષના માસૂમ આંગળિયાત પુત્ર સાથે સાવકા ૨૫ વર્ષીય પિતા દ્વારા સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સમગ્ર મામલે ભોગ બનનાર બાળકની ૨૫ વર્ષીય માતા દ્વારા બાળકના સાવકા પિતા વિરુદ્ધ અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે પણ આરોપીને ઝડપી પાડ્યો છે.મહિલાના પ્રથમ પતિનું મૃત્યુ થતાં તેણે બે વર્ષ પૂર્વે આરોપી સાથે લગ્ન કર્યા હતા. આગલા પતિથી થયેલા બે સંતાનોને આંગળિયાત તરીકે તે સાથે લાવી હતી. સોમવારના રોજ રાત્રે પોતાના બે વર્ષના પુત્રને પતિ બહાર ફરવા લઈ જવાના બહાને બાઈક પર બેસાડીને ગામના સીમાડે ખેતરમાં લઈ ગયો હતો. અડધી પોણી કલાક સુધી પરત ન ફરતા પત્નીએ પોતાના પતિને ફોન કરતા એક્સિડન્ટ થયું હોવાનું જણાવ્યું હતું. તેમજ થોડીવાર બાદ બાળકને લઈ તે ઘરે પરત ફર્યો હતો. પરંતુ પતિ ઘરે પરત ફર્યો ત્યારે બે વર્ષના પુત્રના ગાલ, હોઠ તેમજ પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી વહેતું હતું. તેમજ બાળક રડતું પણ હતું બીજી તરફ પતિને ઈજા ન પહોંચી હોવાથી કંઈક અજુગતું થયું હોવાની શંકા પત્નીને થઈ હતી.બાળકને અંજાર સરકારી હોસ્પિટલ તેમજ ત્યારબાદ વધુ સારવાર અર્થે ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું છે. ત્યારે તબીબો દ્વારા બાળકનું પરીક્ષણ કરતા બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું હતું. જેના આધારે પત્નીએ પોતાના જ પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે.અંજાર પોલીસ સ્ટેશનના પીઆઈ અજયસિંહ ગોહિલ દ્વારા ન્યુઝ ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું કે, આરોપી છૂટક મજૂરી કામકાજ કરતો હોવાનું સામે આવ્યું છે. તેમજ તેના આ પ્રથમ લગ્ન છે. જ્યારે કે ભોગ બનનારની માતાના આ બીજા લગ્ન છે. બનાવ સંદર્ભે આરોપી દ્વારા પોલીસને જણાવવામાં આવ્યું છે કે, તેની પત્ની અગાઉ તેના થકી પ્રેગ્નેન્ટ થઈ હતી. પરંતુ તેણે ગર્ભપાત કરાવી લીધો હતો.

## શહેર પ્રમુખ દ્વારા વ્યક્ત કરેલી નારાજગી હવે ભાજપના કાર્યકર્તાઓમાં ટોપ ઓફ ટાઉન બની

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ |

લોકલ સ્વરાજ્યની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે ચૂંટણી પૂર્વે ગ્રાઉન્ડમાં જવાની રણનીતિ તૈયાર કરી છે. દર વર્ષની જેમ આ વખતે પણ સ્નેહમિલન સમારોહ યોજીને લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ભાજપના દરેક વોર્ડમાં સ્નેહમિલન સમારોહ યોજાવાની તૈયારી ચાલી રહી છે, જે હવે વરસાદના કારણે ૯ નવેમ્બર સુધી ચાલશે.નૂતન વર્ષના સ્નેહમિલન કાર્યક્રમને લઈને શહેરના નરોડા વોર્ડમાં વિવાદ સર્જાયો છે. નરોડા વોર્ડના સ્નેહમિલન સમારોહમાં લગાવવામાં આવેલા બેનરને લઈને શહેર પ્રમુખ પ્રેરક શાહે નારાજગી વ્યક્ત કરી હતી. તાજેતરમાં જ નરોડા વોર્ડના સ્નેહમિલન સમારોહમાં નારાજ થયેલા શહેર પ્રમુખે કોઈ ભાષણ આપ્યા વિના જ નવા વર્ષની શુભેચ્છા પાઠવી સમારોહ છોડીને નીકળી ગયા હતા. તેઓએ પ્રોટોકોલનો ભંગ થવાની ફરિયાદ કરી હતી.ભાજપ કાર્યાલય તરફથી નૂતન વર્ષના સ્નેહમિલન માટે બેનરમાં ફોટા લગાવવા બાબતે ચોક્કસ સૂચના આપવામાં આવી છે. ભાજપના મુખ્ય નેતાઓના ફોટા ઉપર લગાવવા અને શહેર પ્રમુખ અને ધારાસભ્યના ફોટા નીચે અથવા નાના રાખવા કહેવામાં આવ્યું હતું. આ પ્રોટોકોલનો ભંગ થતા શહેર પ્રમુખના ફોટા મુખ્ય હરોળમાં હતા, જેના કારણે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. શહેર પ્રમુખની આ નારાજગી હવે ભાજપના કાર્યકર્તાઓમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. લોકલ સ્વરાજ્યની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે ચૂંટણી પૂર્વે ગ્રાઉન્ડમાં જવાની રણનીતિ તૈયાર કરી છે. દર વર્ષની જેમ આ વખતે પણ સ્નેહમિલન સમારોહ યોજીને લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ફાયરીંગમાં કોઈને ઈજા થઇ નથી

# ઓખાની ફિશીંગ બોટ ઉપર મધદરિયે અંધાધુંધ ફાયરિંગ કરીને ૮ જેટલા માછીમારોના અપહરણ

| પ્રતિનિધિ, પોરબંદર, તા.૮ |

માછીમારીની નવી સિઝન શરૂ થઈ છે ત્યાં જ પાકિસ્તાને લખણ લટકાવીને ઓખાની ફિશિંગ બોટ ઉપર અંધાધુંધ ફાયરિંગ કરીને આઠ ગીર સોમનાથ જિલ્લાના ખલાસીઓને ઉઠાવી જવાતા સાગરપુત્રોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સદનશીબે પાક મરીનના ફાયરીંગમાં કોઈ માછીમારને ઈજા નહીં પહોંચી હોવાનું જાણવા મળતા થોડી રાહત થઈ છે, પણ પરિવારજનોમાં ચિંતા પ્રસરી છે.દરિયાઈ ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન કે જે આઈએમબીએલ તરીકે ઓળખાય છે તેની નજીક પાકિસ્તાન મરીન સિક્યુરીટી દ્વારા નાપાક હરકત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પોરબંદર માછીમાર બોટ એસો.ના પૂર્વ પ્રમુખ અને



માછીમાર અગ્રણી મનીષ લોઢારીએ આપેલી માહિતી મુજબ પાકિસ્તાન મરિન સિક્યુરિટી એજન્સી દ્વારા ગીર સોમનાથ જિલ્લાના માઢવાડ બંદરની અને ઓખાથી ઓપરેટ થતી ‘નર નારાયણ’ નામની ફિશિંગ બોટનું અપહરણ કરી લીધું છે. આ બોટમાં ૮ ખલાસીઓ સવાર હતા. પાકિસ્તાનના જવાનોએ ફિશિંગ બોટ પર ફાયરીંગ પણ કર્યું હોવાનું જાણવા મળે છે. જો કે ફાયરીંગમાં કોઈને ઈજા થઈ નથી. ઓખાની આ ફિશિંગ બોટને અપહરણ કરી પાકિસ્તાન લઈ જવામાં આવી છે.

આ દરિયાઈ આતંકની ઘટના અંગે હજી સુધી કોઈ પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, તેમજ કોસ્ટ ગાર્ડ કે નેવી સહિતની દરિયાઈ સુરક્ષા એજન્સીઓ દ્વારા પણ કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. અપહરણ કરાયેલા ખલાસીઓમાંથી મોટા ભાગના ખલાસી ગીર સોમનાથ પંથકના હોવાનું જાણવા મળે છે. ગુજરાતના ખલાસીઓ ભૂલથી કે અજાણતા આંતરરાષ્ટ્રીય જળસીમા સુધી પહોંચી જાય છે, જેનો લાભ લઈ પાક મરીન દ્વારા તેનું અપહરણ કરવામાં આવે છે. જો કે ગત ફિશિંગ સીઝન દરમ્યાન એક પણ ફીશિંગ બોટનું અપહરણ થયું ન હતું અને આ વખતની ફિશિંગ સીઝન શરૂ થયા બાદ બોટ અપહરણની આ પ્રથમ ઘટના છે. આ બોટમાં ૮ ખલાસીઓ સવાર હતા. પાકિસ્તાનના જવાનોએ ફિશિંગ બોટ પર ફાયરીંગ પણ કર્યું હોવાનું જાણવા મળે છે. જો કે ફાયરીંગમાં કોઈને ઈજા થઈ નથી.

## સાણંદના મોરૈયા ગામમાં ભાડે રહેતા યુવકની હત્યા,પેટ અને ગળામાં ગંભીર છરાના ઘા હતા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ |

સાણંદ તાલુકાના મોરૈયા ગામના મંગલમ શોપિંગ સેન્ટરમાં એક યુવાનની પેટ અને કમરમાં તીક્ષ્ણ હથિયાર વડે ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. ચાંગોદર પોલીસને ઘટનાની માહિતી મળતા જ, ડીએસપી સહિત પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી.માહિતી અનુસાર, અમરનાથ ધીસાભાઈ નાઈ તેમના ભત્રીજા અશોક કુમાર ચેદી લાલ શર્મા સાથે રહેતા હતા અને લલિત હેર કટિંગ સલૂન નામની દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.૬ તારીખે રાત્રે ૮ વાગ્યે, તેઓ તેમની દુકાન છોડીને તેમના ભત્રીજાને કેસર સિટી જવાનું કહ્યું. ત્યારબાદ, તેમના ભત્રીજા અશોક કુમારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ દુકાન બંધ કરી અને તેમના રૂમમાં ગયા. જ્યારે તેમના કાકા અમરનાથ પાછા ન ફર્યા, અને ગેલેરીનો દરવાજો ખોલીને તપાસ કરવામાં આવી, ત્યારે અમરનાથનો મૃતદેહ લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યો અને તેમના પેટ અને ગળામાં ગંભીર છરાના ઘા હતા. ત્યારબાદ અશોક કુમારે નીચે કરિયાણાની દુકાનના સીસીટીવી કેમેરા તપાસ્યા અને જોયું કે સાવરિયા હેર સલૂન ચલાવતા રમેશ ભાઈ તેલી ના ભત્રીજા બંસીલાલ મહેરા રાત્રે ૧૧ વાગ્યે તેમની સાથે અમરનાથના રૂમમાં ગયા હતા,

## અમદાવાદમા ટ્રક,કાર વચ્ચે ભયંકર ટક્કર, કાર ચાલકનું નીપજયું મોત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ |

અમદાવાદના થલતેજ અંડરપાસ પર એક ભયંકર અકસ્માત થયો હતો, જેમાં એક ટ્રક અને કાર વચ્ચે ટક્કર થઈ હતી. હાઈવે પર પાર્ક કરેલા ટ્રક સાથે કાર અથડાતા આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં કાર ચલાવતા ૨૩ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. કારમાં સવાર અન્ય ત્રણ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, અને તેમાંથી એકનું મોત નીપજ્યું હતું. ટ્રાફિક પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે અને કારમાં સવાર અન્ય લોકોની પણ પૂછપરછ કરી છે. પોલીસે તપાસ માટે અંડરપાસમાંથી સીસીટીવી ફૂટેજ પણ કબજે કર્યા છે.આ અકસ્માત સવારે ૫:૩૦ વાગ્યે થયો હતો, જેના કારણે ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, અને અન્ય ત્રણને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે, અને તે પછી પરિવારને સોંપવામાં આવશે. આ અંડરપાસ એટલો મોટો છે કે લોકો ઘણીવાર વધુ ઝડપે વાહન ચલાવે છે, જેના કારણે અકસ્માતો થાય છે અને જીવ ગુમાવવા પડે છે. ફક્ત રસ્તો ખુલ્લો હોવાનો અર્થ એ નથી કે આપણે બેદરકારીથી વાહન ચલાવવું જોઈએ અને આપણા જીવનને જોખમમાં મૂકવું જોઈએ. અમદાવાદના થલતેજ અંડરપાસ પર એક ભયંકર અકસ્માત થયો હતો, જેમાં એક ટ્રક અને કાર વચ્ચે ટક્કર થઈ હતી.




### રાજ્ય સરકારે મુખ્યમંત્રી, મંત્રીઓ તથા ધારાસભ્યો દ્વારા ખેડૂતોને ભયંકર નુકસાન થયું હોવાનું સ્વીકાર્યું

# કમોસમી વરસાદના નુકસાન સામે ૧૦,૦૦૦ કરોડના રાહત પેકેજને કોંગ્રેસના લલિત વસોયાએ 'ખેડૂતોની મજાક' ગણાવ્યું

## ખેડૂતોને થયેલા ખર્ચની સરખામણીએ આ સહાય અત્યંત ઓછી છે અને કોંગ્રેસ ખેડૂતો માટે સતત લડત આપતી રહેશે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।

ધોરાજી-ઉપલેટા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય તેમજ રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ લલિત વસોયાએ દિવાળી બાદ પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન બાદ સરકારે જાહેર કરેલ ૧૦,૦૦૦ કરોડના રાહત પેકેજને 'ખેડૂતોની ક્રૂર મજાક' ગણાવી છે. તેમણે જણાવ્યું કે, ખેડૂતોને થયેલા ખર્ચની સરખામણીએ આ સહાય અત્યંત ઓછી છે અને કોંગ્રેસ ખેડૂતો માટે સતત લડત આપતી રહેશે.

લલિત વસોયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે મુખ્યમંત્રી, મંત્રીઓ તથા ધારાસભ્યો દ્વારા ખેડૂતોને ભયંકર નુકસાન થયું હોવાનું સ્વીકાર્યું છે. તેમ છતાં, રાજ્યના આશરે ૧૬,૦૦૦ ગામડાઓમાં ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ અપૂરતું છે. આ પેકેજમાં પ્રતિ હેક્ટર (સવા છ વીઘા) માત્ર ૨૨,૦૦૦ની જાહેરાત કરવામાં આવી છે, જેની ગણતરી મુજબ પ્રતિ વીઘા માત્ર ૩,૫૦૦ થાય છે. મગફળીના વાવેતર માટે બિયારણનો ખર્ચ જ ૩,૫૦૦ જેટલો થાય છે. આમ, સરકાર 'કીડીને હાથી બનાવીને' પ્રજા સમક્ષ ૧૦,૦૦૦ કરોડના 'ઐતિહાસિક' પેકેજનું પ્રદર્શન કરી રહી છે.વસોયાએ વધુમાં કહ્યું કે, છેલ્લા ૨૫-૩૦ વર્ષમાં સૌથી વધુ કમોસમી વરસાદ પડ્યો છે; કેટલાક વિસ્તારોમાં ૧૦ ઈંચ તો કેટલાકમાં ૧૫ ઈંચ વરસાદ નોંધાયો છે, જેનાથી ખેડૂતોને અપાર નુકસાન થયું છે. આ પેકેજ અપૂરતું હોવાથી સરકારે ખેડૂતોના તમામ દેવા નાબૂદ કરવા જોઈએ. જ્યાં સુધી આ નહીં થાય ત્યાં સુધી ખેડૂતો અને કોંગ્રેસની લડત ચાલુ રહેશે.





માહિતી વિભાગના જણાવ્યા અનુસાર, તાજેતરમાં રાજ્યભરમાં પડેલા કમોસમી વરસાદથી કૃષિ પેદાશોને મોટા પાયે અસર થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નુકસાનનો અંદાજ મેળવવા તાત્કાલિક સર્વેના આદેશ આપ્યા હતા. રાજકોટ જિલ્લામાં ૧૦૨ ટીમોએ ૬૫૨ ગામોમાં સર્વે પૂર્ણ કર્યો છે.

રાજકોટ, ધોરાજી, ગોંડલ, જામકંડોરણા, જસદણ, જેતપુર, કોટડા સાંગાણી, લોધિકા, પડધરી, ઉપલેટા અને વિંછિયા તાલુકામાં મગફળી, કપાસ, સોયાબીન, શાકભાજી તેમજ બાગાયતી પાકોનું નુકસાન નોંધાયું છે. મગફળીના પાથરા પલળી જવા, ઉગી જવા; કપાસમાં જીંડવા ખરી પડવા કે ઉગી જવા; સોયાબીનમાં પાથરા પલળવા કે ઉગાવો નીકળવો તેમજ દિવેલા, તુવેર, ઘાસચારા વગેરે પાકોમાં નુકસાન થયું છે.

તાલુકા પ્રમાણે સર્વે વિગતોઃ ધોરાજી (૩૬ ગામ), ગોંડલ (૮૭), જામકંડોરણા (૪૭), જસદણ (૬૦), જેતપુર (૫૫), કોટડા સાંગાણી (૪૧), લોધિકા (૩૮), પડધરી (૫૮), રાજકોટ (૧૨૯), ઉપલેટા (૫૫) અને વિંછિયા (૪૬) – કુલ ૬૫૨ ગામોમાં સર્વે નિયત સમયમાં પૂર્ણ થયો છે.

મુખ્યમંત્રીએ જૂનાગઢ અને ગીર સોમનાથમાં જાતે નિરીક્ષણ કર્યું હતું. જોકે, રાહત પેકેજમાં રાખેલી શરતોથી ખેડૂતોમાં અસંતોષ છે.

### અમદાવાદના એસ.જી. હાઈવે પર ભયંકર અકસ્માત સર્જાયો

# અમદાવાદના એસ.જી. હાઇવે પર બંધ આઇસરની પાછળ કાર ધડાકાભેર અથડાઈને પડીકું વળી ગઈ । યુવાનનું મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

શહેરના એસ.જી. હાઈવે પર અવારનવાર અકસ્માત સર્જાતા હોય છે. જેમાં અનેક લોકોના જીવ જાય છે. તો પણ તંત્રની લાપરવાહી છે કે શું છે કે આ રસ્તાના મોટાભાગના વિસ્તારોમાં લાઈટો જ લગાવવામાં આવતી નથી. તથ્યકાંડ અકસ્માત બાદ રસ્તાઓ પર લાઈટો લગાવવામાં આવશે તેવી બુમરાણ ચાલી હતી પરંતુ આટલો સમય વિત્યો છતાં સ્થિતિ તો એમની એમ જ છે. રસ્તાઓ બનાવવામાં આવે છે પરંતુ લાઈટો ક્યારે અને કોણ લગાવશે તે તો ભગવાન ભરોસે છે. ફરીથી એસ.જી. હાઈવે પર કાર અને આઈસર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે અને તેમાં ૨૩ વર્ષના યુવાનનો જીવ ગયો છે.

આજે સવારે અમદાવાદના એસ.જી. હાઈવે પર ભયંકર અકસ્માત સર્જાયો છે. આજે સવારે પાંચેક વાગ્યાની આસપાસ એસ.જી. હાઈવે રોડ પર મર્સિડીઝ બેન્ઝ શોરૂમની સામે ગુરુદ્વારા અંડરબ્રિજ પર આઈશર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો છે. જેમાં એક ૨૩ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું છે. જ્યારે કારમાં બેઠેલી બે યુવતીઓ ઈજાગ્રસ્ત થઈ છે.

મળતી માહિતી પ્રમાણે, કાર ચાલક ૨૩ વર્ષના આર્યન સુરેશકુમાર બત્રાનું મોત નીપજ્યું છે. જ્યારે ૨૨ વર્ષની પ્રિયાંશી ચોકસી અને ૨૨ વર્ષની કિર્તી પવન અગ્રવાલ ઈજાગ્રસ્ત થયા છે.

## ઓખા બંદરેથી રવાના થયેલ ભારતીય માછીમારી બોટનુ પાકિસ્તાન મરીન સેક્યુરિટી એનજસી દ્વારા અપહરણ

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૮ ।

પાકિસ્તાને માછીમારી માટે પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ ભારતીય બોટનું અપહરણ કર્યું હતું. જેમાં ૮ માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. પાકિસ્તાની મરીન એજન્સીએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક આઠ માછીમારો સાથેની એક ભારતીય બોટનું અપહરણ કર્યું હતું.સૂત્રોએ જણાવ્યું હતું કે નાર નારાયણ નામની બોટ ૨૫ ઓક્ટોબરના રોજ માછીમારી માટે નીકળી હતી અને તે નો-ફિશિંગ ઝોનમાં પ્રવેશી હતી, જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી હતી. અટકાયત કરાયેલા આઠ માછીમારોમાંથી સાત ગુજરાતના છે અને એક મહારાષ્ટ્રનો છે. પાકિસ્તાને માછીમારી માટે પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ ભારતીય બોટનું અપહરણ કર્યું હતું. જેમાં ૮ માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. પાકિસ્તાની મરીન એજન્સીએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક આઠ માછીમારો સાથેની એક ભારતીય બોટનું અપહરણ કર્યું હતું.સૂત્રોએ જણાવ્યું હતું કે નાર નારાયણ નામની બોટ ૨૫ ઓક્ટોબરના રોજ માછીમારી માટે નીકળી હતી.

## પ્રિ-વેડિંગ શૂટના ચક્કરમાં યુવતીનો લેવાયો ભોગ, જોરદાર મોજું સમુદ્રમાં ખેંચી ગયાના કલાકો બાદ પણ ભાળ નથી મળી

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૮ ।

વેરાવળના આદ્રી ગામના દરિયા કિનારે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે. પ્રિ-વેડિંગ શૂટ માટે આવેલું કપલ તેમના મિત્રો સાથે આદરી ગામના દરિયાકિનારે ગયા હતા. જેમાં પાંચ વ્યક્તિઓ દરિયાકિનારે ઊભા રહીને સેલ્ફી લઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એક મોટું મોજું આવ્યું. ચાર લોકો એકબીજાના હાથ પકડી લેતા બચવામાં સફળ રહ્યા હતા. જોકે, એક યુવતીને આ જોરદાર મોજું સમુદ્રમાં ખેંચી ગયું હતું. શુક્રવારનો શનિવાર થઈ ગયો છતાં પણ યુવતીની ભાળ મળી નથી. મરિન પોલીસ, સ્થાનિક ખારવા સાથે અન્ય ટીમો આ યુવતીને શોધી રહી છે પરંતુ તેની ૧૮ કલાક બાદ પણ કોઈ ભાળ મળી નથી. આ ગંભીર ઘટના બાદ પરિવાર સહિત આખા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.વેરાવળના આદરી ગામના દરિયાકિનારે પ્રિ-વેડિંગ ફોટોશૂટ માટે કપલ તેમના મિત્રો સાથે ગયા હતા. દરિયા કિનારા પાસે સેલ્ફી લઈ રહ્યા હતા અને ત્યારે જ દરિયાનું મોટું મોજું આવતા પાંચમાંથી ચાર લોકોએ પોતાના જીવ બચાવી લીધા હતા. જ્યારે સેલ્ફી લેવાના ચક્કરમાં યુવતી દરિયામાં તણાઈ ગઈ હતી.યુવતી સાથે અન્ય ૪ લોકો હતા તેમનો આબાદ બચાવ થયો છે, દરિયાનું મોજું આવતા જે ૪ લોકો હતા તેમણે એકબીજાના હાથ પકડીને સુરક્ષિત રહ્યા હતા પરંતુ જે અન્ય યુવતી હતી તે એક જ ક્ષણમાં દરિયામાં ખેંચાઈ ગઈ હતી. દરિયામાં ખેંચાઈ ગયેલી યુવતી વેરાવળના રામપરા ગામની હોવાની વિગતો મળી રહી છે.માંગરોળ તાલુકાના ઢોલાણા ગામના યુવકનાં છાત્રોડા ગામની યુવતી સાથે લગ્ન થવાના હતા. નવાપરા રહેતી યુવતી તેની માસીઆઈ બહેન હતી જેથી તે પણ પ્રિ-વેડિંગ શૂટિંગ માટે આવી હતી, જે તણાઈ ગઈ હતી. જોકે, અન્ય ચાર લોકો પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા છે.






## તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઈને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડક્શન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાની જરૂરી બની....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઈફમાં લોકો ઓનલાઈન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઈને કેટલીક સાવધાની જરૂરી બની ગઈ છે. કારણ કે ઓનલાઈન કારોબારના સમયમાં ઠગાઈ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લોકો ઓનલાઈન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓનલાઈનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઈ છે. ઈ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઈ રહ્યુ છે.

આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઈન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઈને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઈન ચેટિંગનો શિકાર થઈ જાય છે. ઓનલાઈન બિલ પેમેન્ટ કરવા, કોઈ ઈ-કોમર્સ સાઈટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઈ જાય છે. આરબીઆઇના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ




અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઈન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઈન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કોિ ચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઈન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઈ ગઈ છે. કેટલાક કેસમાં ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઈફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઈ પણ તબક્કામાં થઈ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઈન્ડિયા જેવી સાઈટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઈટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફલીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઈટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઈટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફલીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઈમ પેઈડ સર્વિસ છે. જે` ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠગ લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઈટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઈ જાય છે. નકલી વેબસાઈટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઈથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઈટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઈ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઈટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઈ કરનાર હોઈ શકે છે. અલબત્ત આ સાઈટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.



**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે



વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિંગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફલેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોક્સિંગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે



**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઈ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઈલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઈ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઈ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઈલ્ડહુડ કેન્સરની



દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઈલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઈ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઈ પણ ભાગથી શરૂ થઈને થઈ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઈ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઈલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઈન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



બધી શંકાસ્પદ આતંકવાદી પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી રહી છે

# કુપવાડામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૨ આતંકવાદીઓ માર્યા ગયા

। એજન્સી, શ્રીનગર, તા.૮

જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ. બે આતંકવાદીઓ માર્યા ગયા, અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. બધી શંકાસ્પદ આતંકવાદી પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી રહી છે, અને આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવવામાં આવી રહી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, કુપવાડાના કેરન સેક્ટરમાં સંયુક્ત કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સતર્ક સૈનિકોએ શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ અને આતંકવાદીઓને પડકાર ફેંક્યો, જેના પરિણામે અંધાધૂંધ ગોળીબાર થયો. જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા.તાજેતરમાં, શ્રીનગર પોલીસે ગઈકાલે મોડી રાત્રે કોનાખાન, દાલગેટના મમતા ચોક નજીક ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. ગુરુવારે મોડી રાત્રે આ ધરપકડ કરવામાં આવી હતી. તેમની ઓળખ શાહ મુતયબ (રહેવાસી કુલીપોરા ખાન્યાર), કામરાન હસન શાહ (રહેવાસી કુલીપોરા ખાન્યાર), અને મોહમ્મદ નદીમ (રહેવાસી મેરઠ, હાલમાં કાવા મોહલ્લા, ખાન્યાર) તરીકે થઈ હતી. તેમની પાસેથી એક દેશી બનાવટની પિસ્તોલ અને નવ જીવંત કારતૂસ મળી આવ્યા હતા.નવેમ્બરના પહેલા અઠવાડિયામાં, અહેવાલો બહાર આવ્યા હતા કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો, ખાસ કરીને લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓનું કાવતરું ઘડી રહ્યા છે.

સંસદનું શિયાળુ સત્ર આગામી પહેલી ડિસેમ્બર, ૨૦૨૫થી શરૂ થશે અને ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે

# પહેલી ડિસેમ્બરથી શરૂ થશે । સંસદનું શિયાળું સત્ર । કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ કર્યું કન્ફર્મ

**એક તરફ બજેટ સત્ર ટૂંક સમયમાં શરૂ થવાનું છે, તો બીજી તરફ આ સત્રમાં રાજકીય મુદ્દાઓ પર ભારે હોબાળો થવાની શક્યતા છે. સંસદનું ચોમાસુ સત્ર ૨૧મી જુલાઈથી ૨૧મી ઓગસ્ટ સુધી ચાલ્યું હતું**

। એજન્સી, નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી છે કે સંસદનું શિયાળુ સત્ર આગામી પહેલી ડિસેમ્બર, ૨૦૨૫થી શરૂ થશે અને ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સંસદનું શિયાળુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગે માહિતી આપતા લખ્યું હતું કે, 'અમે એક અર્થપૂર્ણ સત્રની આશા રાખીએ છીએ જે લોકશાહીને મજબૂત બનાવે અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરે.'અહેવાલો અનુસાર, સંસદનું આ શિયાળુ સત્ર અન્ય સત્રો કરતાં પ્રમાણમાં ટૂંકું રહેશે. એક તરફ બજેટ સત્ર ટૂંક સમયમાં શરૂ થવાનું છે, તો બીજી તરફ આ સત્રમાં રાજકીય મુદ્દાઓ પર ભારે હોબાળો થવાની શક્યતા છે. સંસદનું ચોમાસુ સત્ર ૨૧મી જુલાઈથી ૨૧મી ઓગસ્ટ સુધી ચાલ્યું હતું. આ સત્રમાં



સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અને ઓપરેશન સિંદૂર જેવા મુદ્દાઓ પર ભારે હોબાળો થયો હતો. આ સત્રમાં કુલ ૨૧મી બેઠકો યોજાઈ હતી, જેમાં રાજ્યસભામાં ૧૫ અને લોકસભામાં ૧૨ બિલ પસાર થયા હતા.

આગામી શિયાળુ સત્રમાં બિહાર વિધાનસભાની ચૂંટણીઓના પરિણામો અને રાજકીય ચર્ચાઓ ચોક્કસપણે સાંભળવામાં આવશે. વધુમાં, ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલી SIR પ્રક્રિયાનો વિપક્ષ વિરોધ કરી શકે છે. નોંધનીય છે કે, આ અગાઉ ૨૦૧૩નું શિયાળુ સત્ર ફક્ત ૧૪ દિવસ ચાલ્યું હતું.

સરકાર આ શિયાળુ સત્રમાં કેટલાક મહત્વપૂર્ણ બિલોને પસાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જે મુખ્ય બિલો પસાર કરવાની સંભાવના છે તેમાં 'પબ્લિક ટ્રસ્ટ બિલ' અને 'ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બિલ'નો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે, સંસદનું શિયાળુ સત્ર ૧૯ દિવસ સુધી ચાલશે, જેમાં સરકાર કાયદાકીય કામગીરી આગળ ધપાવવા અને વિપક્ષ સાથેના રાજકીય પડકારોનો સામનો કરવા તૈયાર છે.કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી છે કે સંસદનું શિયાળુ સત્ર આગામી પહેલી ડિસેમ્બર, ૨૦૨૫થી શરૂ થશે અને ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સંસદનું શિયાળુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગે માહિતી આપતા લખ્યું હતું કે, 'અમે એક અર્થપૂર્ણ સત્રની આશા રાખીએ છીએ જે લોકશાહીને મજબૂત બનાવે અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરે.'

## મેરઠ : પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી; નશો પીવડાવ્યો, સ્કાર્ફથી ગળું દબાવ્યું

। એજન્સી, મેરઠ, તા.૮ ।

ઉત્તર પ્રદેશના મેરઠથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં, એક પત્નીએ તેના પ્રેમી સાથે મળીને તેના પતિની ક્રૂરતાથી હત્યા કરી. પોલીસ અધિક્ષક (ગ્રામીણ) એ ઘટનાનો ખુલાસો કર્યો અને કેસની સંપૂર્ણ વિગતો આપી.એક ઈમામે બહુરાષ્ટ્રીય કંપનીમાં કામ કરતી યુવતી સાથે લગ્ન કર્યા, પછી તેનો મૃતદેહ બુરખામાં મળી આવ્યો... હત્યાની એવી વાર્તા કે પોલીસ પણ દંગ રહી ગઈ.મેરઠમાં એક બેવફા પત્નીએ તેના પ્રેમી સાથે મળીને તેના પતિની હત્યા કરી. છેલ્લા આઠ મહિનામાં બેવફાઈને કારણે ચાર પતિઓના મોત થયા છે. તાજેતરનો કિસ્સો રોહતા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. અહીં, એક પત્નીએ તેના પ્રેમી સાથે મળીને તેના જ પતિની હત્યા કરી. પત્નીએ પહેલા તેને દવા પીવડાવી અને પછી સ્કાર્ફથી ગળું દબાવીને બેભાન કરી દીધો. ત્યારબાદ મહિલાએ તેના પ્રેમીની મદદથી તેના પતિને નહેરમાં ફેંકી દીધો, જ્યાં તે ડૂબી ગયો.આ સનસનાટીભર્યા કેસનો ખુલાસો કરતા, એસપી ગ્રામીણ અભિજીત કુમારે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ અનિલ તરીકે થઈ હતી. થોડા દિવસો પહેલા, નહેરમાં ડૂબી જવાથી તેનું મૃત્યુ થયું હોવાના અહેવાલો સામે આવ્યા હતા, પરંતુ તપાસ દરમિયાન, પોલીસને આ બાબત શંકાસ્પદ લાગી.

## મધ્યપ્રદેશના શાહડોલમાં, એક દીકરાએ તેની માતાની હત્યા કરી

। એજન્સી, શાહડોલ, તા.૮ ।

મધ્યપ્રદેશના શાહડોલથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અંધશ્રદ્ધામાં ડૂબેલા એક દીકરાએ તેની પોતાની માતાની નિર્દયતાથી હત્યા કરી. પોતાનો ગુનો છુપાવવા માટે, દીકરાએ તેના શરીરને ખેતરમાં દાટી દીધું અને તેનો ઉપયોગ પોતાનો જીવ છુપાવવા માટે કર્યો. પુત્રને તેના કાકાના દીકરાએ મદદ કરી હતી. જોકે, ગુનાઓ લાંબા સમય સુધી છુપાયેલા રહેતા નથી. કેસ પ્રકાશમાં આવ્યા પછી આરોપીઓ પકડાઈ ગયા. જાદુટોણાની શંકામાં, એક પુત્રએ તેની માતાને કુહાડી અને લાકડીઓથી ક્રૂરતાથી મારી નાખી. હત્યા પછી, પુત્રએ તેના ભત્રીજા અને પરિવારના અન્ય સભ્યો સાથે મળીને તેના શરીરને ખેતરમાં દાટી દીધું. અંધશ્રદ્ધાના આ ભયાનક રમતે ફરી એકવાર પ્રશ્ન ઉઠાવ્યો છે: લોકો ક્યાં સુધી મેલીવિદ્યા અને અન્ય ધાર્મિક વિધિઓ પર આધાર રાખતા રહેશે? ખોટા વિશ્વાસના નામે, આપણે આપણા પોતાના લોહીના સંબંધો તોડી રહ્યા છીએ.આ ઘટના મધ્યપ્રદેશના શાહડોલ જિલ્લાના ઝીકબિજુરી ચોકી વિસ્તારમાં આવેલા કુટેલા ગામમાં છત્તીસગઢ સરહદ પર બની હતી. ૨૫ વર્ષીય સત્યેન્દ્ર સિંહે તેના કાકાના દીકરા ઓમપ્રકાશ સાથે મળીને તેની માતા પ્રેમબાઈની કુહાડી અને લાકડીઓ વડે ક્રૂરતાથી હત્યા કરી હતી.

દેશમાં વંદે ભારત એક્સપ્રેસ સેવાઓની કુલ સંખ્યા વધીને ૧૬૪ થઈ ગઈ છે

# પીએમ નરેન્દ્ર મોદીએ વારાણસીથી એક સાથે ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી

**ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા પછી, પીએમ મોદીએ જાહેર સભાને સંબોધિત કરી । પીએમએ કહ્યું કે આજે વંદે ભારત, નમો ભારત અને અમૃત ભારત જેવી ટ્રેનો ભારતીય રેલ્વેની આગામી પેઢીનો પાયો નાખી રહી છે**

। એજન્સી, વારાણસી, તા.૮ ।

ભારતમાં રેલ મુસાફરીમાં એક નવા અધ્યાયનો ઉદ્ઘાટન શનિવારે થયું જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી એક સાથે ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી. દેશના રેલ નેટવર્ક પર ગતિ, આરામ અને આધુનિકતાનું પ્રતીક બની ગયેલી આ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો હવે મુસાફરોની મુસાફરીને વધુ આરામદાયક અને આરામદાયક બનાવશે. આ ચાર નવી ટ્રેનો સાથે, દેશમાં વંદે ભારત એક્સપ્રેસ સેવાઓની કુલ સંખ્યા વધીને ૧૬૪ થઈ ગઈ છે.

ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા પછી, પીએમ મોદીએ જાહેર સભાને સંબોધિત કરી. પીએમએ કહ્યું કે આજે વંદે ભારત, નમો ભારત અને અમૃત ભારત જેવી ટ્રેનો ભારતીય રેલ્વેની આગામી પેઢીનો પાયો નાખી રહી



છે. વંદે ભારત એ ભારતીયો માટે, ભારતીયો દ્વારા અને ભારતીયો માટે બનાવવામાં આવેલી ટ્રેન છે, અને દરેક ભારતીયને તેના પર ગર્વ છે. તેમણે વધુમાં જણાવ્યું કે નોંધપાત્ર પ્રગતિ અને વિકાસ હાંસલ કરનારા દેશોની પ્રગતિ પાછળનું પ્રેરક બળ તેમનું વિકસિત માળખાગત માળખું છે.

નવી શરૂ કરાયેલી ટ્રેનોમાં બનારસ-ખજુરાહો, લખનૌ-સહારનપુર, ફિરોઝપુર-નવી દિલ્હી અને એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસનો સમાવેશ થાય છે. ચેન્નાઈ સ્થિત ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ઝ્રહ્લ) દ્વારા વિકસિત, આ અત્યાધુનિક ટ્રેનો મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ બનાવવામાં આવી છે, જે ભારતીય રેલ્વેના આધુનિકીકરણ તરફ વધુ એક મોટું પગલું છે. ચાલો તે રૂટ પર શોધીએ કે આ નવી વંદે ભારત ટ્રેનો કયા રૂટ પર ચાલશે.

બનારસથી ખજુરાહો સુધી ચાલતી વંદે ભારત એક્સપ્રેસ હવે મુસાફરોને લગભગ ૨ કલાક અને ૪૦ મિનિટનો સમય બચાવશે. આ ટ્રેન વારાણસી, પ્રયાગરાજ, ચિત્રકૂટ અને ખજુરાહો જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોને સીધી રીતે જોડશે. આ રૂટ ઉત્તર ભારતમાં ધાર્મિક પર્યટનને પુનર્જીવિત કરશે અને મુસાફરોને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ખજુરાહોની આરામદાયક, ઝડપી અને આધુનિક મુસાફરી પ્રદાન કરશે.આ ટ્રેન લખનૌ અને સહારનપુર વચ્ચે લગભગ ૭ કલાક અને ૪૫ મિનિટમાં મુસાફરી કરશે, જેનાથી મુસાફરોનો મુસાફરીનો લગભગ ૧ કલાકનો સમય બચશે.


ફ્લાઈટ્સની અવર-જવરને અસર

## દિલ્હીમાં ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એટીસી સિસ્ટમ બગડી

। એજન્સી, નવી દિલ્હી, તા.૮ ।

શુક્રવારે સવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતા ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ મોટા વિલંબને કારણે દિલ્હી એરપોર્ટે એડવાઈઝરી જાહેર કરીને જણાવ્યું કે, 'ATC સિસ્ટમમાં સમસ્યાના કારણે ફ્લાઈટ સંચાલનમાં વિલંબ થઈ રહ્યો છે. ખામી વહેલી તકે દૂર કરવા ઢ્ઢૈંછ- સહિત તમામ હિતધારકો સક્રિય છે. મુસાફરોને વધુ માહિતી માટે સંબંધિત એરલાઈન્સના સંપર્કમાં રહેવા વિનંતી કરાઈ હતી અને અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરવામાં આવી હતી.'PTI™ા સૂત્રો અનુસાર, ઓટોમેટિક મેસેજ સ્વિચિંગ સિસ્ટમ (AMSS)માં ખામી હતી, જે ફ્લાઈટ પ્લાન આપતી ઓટો ટ્રેક સિસ્ટમ (AMS) માટે માહિતી પૂરી પાડે છે. વિલંબના અહેવાલ બાદ સ્પાઈસજેટએ એડવાઈઝરી જાહેર કરી કે દિલ્હીમાં છ્ઝ્રની ભીડને કારણે તમામ આવક-જાવક (Arrivals/Departures) અને તેના પછીની ફ્લાઈટ્સ પર અસર થઈ શકે છે. મુસાફરોને વિનંતી કરવામાં આવી કે તેઓ તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસતા રહે.એર ઈન્ડિયાએ પણ વિલંબની પુષ્ટિ કરતા કહ્યું કે, 'દિલ્હીમાં છ્ઝ્ર સિસ્ટમમાં ટેકનિકલ સમસ્યા તમામ એરલાઈન્સમાં ફ્લાઈટ સંચાલનને અસર કરી રહી છે, જેના કારણે એરપોર્ટ પર અને વિમાનમાં લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે અને વિલંબ થઈ રહ્યો છે.'સ્પાઈસજેટ એરલાઈને પણ આ સંબંધમાં જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, 'દિલ્હીમાં છ્ઝ્ર (એર ટ્રાફિક કંટ્રોલ)ની ભીડના કારણે તમામ આગમન, પ્રસ્થાન અને તેના પરિણામે થનારી અન્ય ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ શકે છે. સ્પાઈસજેટે પણ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ તેમની ફ્લાઈટનું સ્ટેટસ (સ્થિતિ) તપાસતા રહે.'શુક્રવારે સવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતા ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ મોટા વિલંબને કારણે દિલ્હી એરપોર્ટે એડવાઈઝરી જાહેર કરીને જણાવ્યું કે, 'ATC સિસ્ટમમાં સમસ્યાના કારણે ફ્લાઈટ સંચાલનમાં વિલંબ થઈ રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ



### શ્રદ્ધા કપૂર હોલીવુડમાં પ્રવેશ કરશે, ડિઝનીએ જાહેરાત કરી; ચાહકો ઉત્સાહિત

। એજન્સી, મુંબઇ, તા.૮ ।

બોલીવુડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર હવે એનિમેશનની દુનિયામાં પ્રવેશ કરવા જઈ રહી છે. ડિઝનીની સુપરહિટ એનિમેટેડ ફ્રેન્ચાઈઝ "ઝૂટોપિયા" ની સિક્વલ ટૂંક સમયમાં થિયેટરોમાં આવવાની છે. અને શ્રદ્ધા કપૂર હિન્દીમાં જુડી હોપ્સ નામની એક પ્રેમાળ છતાં બહાદુર પોલીસ અધિકારીની ભૂમિકા ભજવે છે. તે પોતાનો અવાજ આપશે. આ ફિલ્મ ભારતમાં ૨૮ નવેમ્બરે રિલીઝ થશે, અને ડિઝની ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પર આ નવી જાહેરાત કરી છે. આ જાહેરાતથી ચાહકોને આશ્ચર્યચકિત કર્યા છે.શ્રદ્ધા કપૂર ફિલ્મોમાં તેના અભિનય માટે જાણીતી છે, પરંતુ આ વખતે તે દર્શકો સાથે છે. સંપૂર્ણપણે અલગ રીતે જોડાશે. ડિઝનીએ તેના સત્તાવાર પેજ પર શ્રદ્ધાનું પોસ્ટર રિલીઝ કર્યું છે, જેમાં તે જુડી હોપ્સ સાથે જોવા મળી રહી છે. "દેખાય છે. શ્રદ્ધાએ પણ પોસ્ટ શેર કરીને લખ્યું, "હું 'ઝૂટોપિયા ૨' પરિવારનો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. જુડી હોપ્સ જેવા ઉર્જાવાન, બહાદુર અને સુંદર પાત્રને અવાજ આપવો એ મારા માટે એક સ્વપ્ન સાકાર થયું. તે થયું છે."શ્રદ્ધાના સંદેશાઓએ સોશિયલ મીડિયા પર તેના ચાહકોને ઉન્માદમાં મૂકી દીધા છે. ઘણા યુઝર્સે લખ્યું છે કે શ્રદ્ધાનો અવાજ આ પાત્ર માટે યોગ્ય રહેશે, કારણ કે તેમાં જુડી હોપ્સ છે. જેમ કે હૂંફ અને નિર્દોષતા."ઝૂટોપિયા ૨" માં ફરી એકવાર જુડી હોપ્સ અને તેના સાથી નિક વાઈલ્ડ છે. રંગબેરંગી અને વૈવિધ્યસભર શહેર ઝૂટોપિયામાં તમે નવા પડકારો અને રહસ્યોનો સામનો કરતા જોવા મળશે.

### અમને 30 દિવસ આપો, નહીં તો અમને ફાયર ચલાવવાનું ખબર પડશે : વિજય બૈંસલા

। એજન્સી, દૌસા, તા.૮ ।

દૌસા જિલ્લાના પંચોલી ગામમાં ગુર્જર અનામત સંઘર્ષ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સમિતિના અધ્યક્ષ વિજય બૈંસલા બેઠકમાં હાજર રહ્યા હતા. તેમણે સ્વર્ગસ્થ કર્નલ કિરોરી સિંહ બૈંસલાના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને અને તેમના આદર્શોને શ્રદ્ધાંજલિ આપીને સભાની શરૂઆત કરી. પંચોલી ગામમાં યોજાયેલી આ બેઠકમાં સમુદાયના પંચો અને પટેલો, બહારથી આવેલા પ્રતિનિધિઓ સાથે, ભાગ લીધો અને સમુદાયની માંગણીઓ પર પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.આશરે ત્રણથી ચાર કલાક ચાલેલી આ બેઠકમાં સમુદાયના ઉત્થાન, શિક્ષણ, રોજગાર અને અનામત સંબંધિત મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ. વિજય બૈંસલાએ જણાવ્યું હતું કે જૂનમાં ભરતપુરમાં એક મહાપંચાયત યોજાઈ હતી, અને તે બેઠક દરમિયાન થયેલા કરારનો હજુ સુધી અમલ થયો નથી. દેવનારાયણ યોજના હેઠળ સંચાલિત છાત્રાલયોની સ્થિતિ સંતોષકારક નથી. સમુદાયના વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધાઓ અને પારદર્શક વ્યવસ્થાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સમુદાયની સાત મુખ્ય માંગણીઓ ઘણા વર્ષોથી પડતર છે.

## રાજસ્થાનમાં ચાલતી ટ્રેનમાં ગુજરાતના સૈન્ય જવાનની હત્યા, કોચ અટેન્ડેન્ટે ચપ્પાના અનેક ઘા માર્યા

। એજન્સી, બિકાનેર, તા.૮ ।

રાજસ્થાનના બિકાનેર પહોંચેલી સાબરમતી એક્સપ્રેસના સ્લીપર કોચમાં સેનાના જવાનની હત્યા કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, જવાનનો કોચ એટેન્ડન્ટ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ એક કોચ એટેન્ડન્ટે તેના પર છરી વડે હુમલો કર્યો હતો. જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેનું મૃત્યુ થયું હતું.અહેવાલો અનુસાર, ગુજરાતના રહેવાસી જવાન જીગર કુમાર સાબરમતી એક્સપ્રેસમાં ફિરોઝાબાદથી બિકાનેર જઈ રહ્યા હતા. કોચમાં વિવાદ દરમિયાન કોચ એટેન્ડન્ટે જવાન પર છરી વડે હુમલો કર્યો.

## અમેરિકા દક્ષિણ આફ્રિકામાં યોજનારી જી-૨૦ સમિટનો બહિષ્કાર કરશે

। એજન્સી, વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે આ વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજનારી ગ્રુપ ઓફ ૨૦ (જી-૨૦) સમિટમાં કોઈ પણ અમેરિકન સરકારી અધિકારી હાજરી આપશે નહીં. તેમણે દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડૂતો સાથેના વર્તનને તેમના નિર્ણયનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે તેઓ વાર્ષિક સમિટમાં હાજરી આપશે નહીં, જેમાં વિશ્વની મુખ્ય અને ઉભરતી અર્થવ્યવસ્થાઓના રાષ્ટ્રપ્રમુખો એકત્ર થાય છે. તેમના સ્થાને ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ સમિટમાં હાજરી આપવાના હતા, પરંતુ વાન્સની યોજનાઓથી પરિચિત એક વ્યક્તિએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે વાન્સ પણ દક્ષિણ આફ્રિકા જશે નહીં.

ટ્રમ્પે તેમની સોશિયલ મીડિયા સાઈટ, ટ્રૂથ સોશિયલ પર લખ્યું, "દક્ષિણ આફ્રિકામાં જી ૨૦ યોજાઈ રહ્યું છે તે સંપૂર્ણ શરમજનક છે." ટ્રમ્પે તેમની પોસ્ટમાં આફ્રિકન લોકો (શ્વેત ખેડૂતો) પરના જુલમનો ઉલ્લેખ કર્યો, જેમાં હિંસા, મૃત્યુ અને તેમની જમીન અને ખેતરો જપ્ત કરવાનો સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્ર લાંબા સમયથી દક્ષિણ આફ્રિકાની સરકાર પર લઘુમતી શ્વેત આફ્રિકન ખેડૂતો પર અત્યાચાર કરવાનો અને હુમલાઓને મંજૂરી આપવાનો આરોપ લગાવે છે. યુનાઈટેડ સ્ટેટ્સે દર વર્ષે સ્વીકારતા શત્રુઓની સંખ્યા ૭,૫૦૦ સુધી મર્યાદિત કરી છે અને જણાવ્યું છે કે તેમાંના મોટાભાગના શ્વેત દક્ષિણ આફ્રિકનો હશે જેઓ તેમના વતનમાં ભેદભાવ અને હિંસાનો સામનો કરી રહ્યા છે.

બીડમાંથી એક ચોંકાવનારી ઘટના | વ્હેલ ઉલટી, જેને "એમ્બરગ્રીસ" તરીકે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ મોંઘા પરફ્યુમ અને દવાઓના ઉત્પાદનમાં થાય છે

# મહારાષ્ટ્ર : બીડમાંથી આશરે ૧.૫ કરોડની વ્હેલની ઉલટી મળી; ૨ લોકોની ધરપકડ

। એજન્સી, મુંબઇ, તા.૮ ।

મહારાષ્ટ્રના બીડમાંથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. બે લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી વ્હેલની ઉલટી મળી આવી છે. ઉલટીની કિંમત આશરે ૧.૫ કરોડ હોવાનો અંદાજ છે. ધરપકડ કરાયેલા લોકો ઉલટી વેચવા માટે બીડ આવ્યા હતા.

એક મોટી કાર્યવાહીમાં, બીડ પોલીસે ૧.૫ કરોડની વ્હેલ ઉલટી જપ્ત કરી છે. પોલીસે આ કેસમાં બે આરોપીઓ, શૈલેષ શિંદે અને વિકાસ મુલેની ધરપકડ કરી છે. અહેવાલો અનુસાર, બંને આરોપીઓ બીડમાં વ્હેલ ઉલટી વેચવા આવ્યા હતા.

પોલીસે દરોડો પાડીને તેમની ધરપકડ કરી અને તેમના કબજામાંથી આશરે ૧.૫ કરોડની સામગ્રી જપ્ત કરી. એવું કહેવાય છે કે વ્હેલ ઉલટી, જેને "એમ્બરગ્રીસ" તરીકે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ મોંઘા પરફ્યુમ અને દવાઓના ઉત્પાદનમાં થાય છે.

તેની ઊંચી કિંમતને કારણે, તેની મોટા પાયે દાણચોરી થાય છે. બીડના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ એ પણ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે આરોપીઓ આ ગેરકાયદેસર વેપારમાં કેટલા સમયથી સામેલ છે અને નેટવર્ક કેટલું મોટું છે.

વ્હેલની ઉલટી, જેને એમ્બરગ્રીસ કહેવામાં આવે છે, તે એક અત્યંત દુર્લભ



અને મૂલ્યવાન પદાર્થ છે. તે મુખ્યત્વે શુક્રાણુ વ્હેલના આંતરડામાં ઉત્પન્ન થાય છે.

તે શુક્રાણુ વ્હેલના પાચનતંત્રમાં ઉત્પન્ન થતો મીણ જેવો, રાખ-ગ્રે અથવા પીળો રંગનો ઘન પદાર્થ છે. તેનો દેખાવ અને સુગંધ મોજા અને સૂર્યપ્રકાશ સાથે બદલાય છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત પ્રતિ કિલોગ્રામ લાખો રૂપિયા સુધીની હોય છે. આ તેની દુર્લભતા અને વિશિષ્ટ સુગંધને કારણે છે, જે સમય જતાં વધુ શુદ્ધ બને છે. કેટલીક પરંપરાગત દવા પ્રણાલીઓમાં, તેને કામોત્તેજક અથવા તણાવ દૂર કરનાર માનવામાં આવે છે.

ભારતમાં વ્હેલને એક સંરક્ષિત પ્રજાતિ માનવામાં આવે છે, તેથી એમ્બરગ્રીસનો સંગ્રહ અથવા વેચાણ પ્રતિબંધિત છે. મહારાષ્ટ્રના બીડમાંથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. બે લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી વ્હેલની ઉલટી મળી આવી છે. ઉલટીની કિંમત આશરે ૧.૫ કરોડ હોવાનો અંદાજ છે. ધરપકડ કરાયેલા લોકો ઉલટી વેચવા માટે બીડ આવ્યા હતા. મહારાષ્ટ્રના બીડમાંથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે.

# દક્ષિણ લેબેનોનમાં ઇઝરાયેલના વ્યાપક હુમલા હીઝબુલ્લાહના લશ્કરી થાણાઓનો સફાયોહીઝબુલ્લાહે યુદ્ધ વિરામ ભંગ કર્યાનો આક્ષેપ





તેલ અવીવ : ઈરાનનું પીઠબળ પામેલા આતંકી જૂથ હીઝબુલ્લાહે દક્ષિણ લેબેનોનમાં લશ્કરી દ્રષ્ટિએ મહત્વનાં તેવા બાંધકામો ઉપર ગઈકાલે (ગુરૂવારે) વ્યાપક હવાઈ હુમલા કરી તે બાંધકામો તોડી ફોડી નાખ્યા હતાં આથી હીઝબુલ્લાહની બાંધકામ પ્રવૃત્તિ અટકી ગઈ છે.આ હુમલા કરતાં પૂર્વે ઈઝરાયલે આતંકી મથકો નજીક આવેલા તૈબેહ, તાયીર ડેબ્બા અને આયાત-અલ-જબર ગામોના રહેવાસીઓને તે ગામો છોડી ગામથી ઓછામાં ઓછા ૫૦૦ મીટર દૂર ચાલ્યા જવા જણાવ્યું હતું. આ ચેતવણી કર્નલ અવિચ્ચે ખદ્રાઈએ અરબી ભાષામાં આપી હતી.આ અધિકારીએ વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, એવી અફવા ચાલી રહી છે કે, ઈઝરાયલે ગામોના ગામો ખાલી કરાવ્યા છે, પરંતુ તે અફવા સાચી નથી અમે માત્ર હીઝબુલ્લાહનાં લશ્કરી થાણાઓ નજીક આવેલા ગામોના નિવાસીઓને ઘર છોડી ૫૦૦ મીટર દૂર રહેવા જણાવ્યું છે.આ સાથે તેઓએ દાવો કર્યો હતો કે, હીઝબુલ્લાહે જ પહેલા યુદ્ધ વિરામ ભંગ કર્યો હોવાથી તેને શિક્ષા કરવા અમારે આ પગલું ભરવું પડયું છે.ઈઝરાયલના આ હુમલાને લીધે એક જણનું મૃત્યું થયું હતું. કેટલાક ઘાયલ પણ થયા હતા. જોકે ઘાયલોનો સાચો આંક અને મૃતકોનો સાચો આંક તો પછીથી જાણવા મળશે.ઈઝરાયલ સેનાના કર્નલ ખદ્રાઈએ વધુમાં કહ્યું હતું કે, હીઝબુલ્લાહ જો હુમલા કરશે તો તેમને વળતો ખતરનાક જવાબ અપાશે.

## રશ્મિકા મંદાના અને વિજયના લગ્ન કન્ફર્મ! અભિનેત્રીએ કહ્યું - એમના માટે ગોળી ખાવા તૈયાર!



। એજન્સી, મુંબઇ, તા.૮ ।

એક્ટ્રેસ રશ્મિકા મંદાનાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' થિયેટર્સમાં રિલીઝ થઈ ગઈ છે. રિલીઝ પહેલા એક્ટ્રેસે ચાહકો સાથે વાતચીત કરી અને 'પુષ્પા ૩', છૈં ડીપફેક્સ, રિલેશનશિપ્સની સાથે-સાથે અન્ય ઘણા મુદ્દા પર વાત કરી. તેની આ કમેન્ટ્સ એવા સમયે આવી છે જ્યારે એવા અહેવાલો વહેતા થયા છે કે, તે મંગેતર વિજય દેવેરાકોંડા સાથે ફેબ્રુઆરી ૨૦૨૬માં લગ્ન કરવા જઈ રહી છે. વિજય અને રશ્મિકાએ કથિત રીતે આ મહિનાની શરૂઆતમાં એક પ્રાઈવેટ સેરેમનીમાં સગાઈ કરી લીધી હતી. જોકે, બંનેમાંથી કોઈએ આ સમાચારની પુષ્ટિ નથી કરી, પરંતુ તેઓ બંને સગાઈની વીંટી પહેરેલા જોવા મળ્યા છે.જ્યારે રશ્મિકા પોતાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' માટે ઓનેસ્ટ ટાઉનહોલમાં હતી, ત્યારે તેને પ્રેમની વ્યાખ્યા અને તે લાઈફ પાર્ટનરમાં શું જોઈ છે જેવા સવાલો પૂછવામાં આવ્યા હતા. એક્ટ્રેસે જવાબમાં કહ્યું કે, 'મારા ટાઈપ, પ્રામાણિકપણે કહું તો એવું કોઈક જે ડિપ લેવલે સમજવામાં સક્ષમ હોય. હું સામાન્ય અર્થમાં નથી કહી રહી. આ જીવનને તેના પોતાના દ્રષ્ટિકોણથી સમજવાનું છે. તે ચોક્કસ પરિસ્થિતિઓને કેવી રીતે જુએ છે? હું એવી વ્યક્તિ ઈચ્છું છું જે સમજવા માટે ખુલ્લી હોય.

### અમેરિકામાં લાખો ગરીબ પરિવારો માટે ખરાબ સમાચાર

## ટ્રમ્પના એક નિર્ણયથી ૪.૨ કરોડ અમેરિકન્સને ખાવાના ફાંફા । હવે કોર્ટે પણ મંજૂરી આપી દીધી

**હાલમાં કોર્ટે વહીવટીતંત્રને રાહત આપી છે, પરંતુ આની સીધી અસર એ પરિવારો પર પડશે જેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે આ માસિક સહાય પર આધાર રાખે છે**

। એજન્સી, વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકામાં લાખો ગરીબ પરિવારો માટે ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રએ નવેમ્બર મહિના માટે મળનારી ફૂડ સહાયતાની અડધી રકમ રોકી દીધી છે અને હવે સુપ્રીમ કોર્ટે પણ આ નિર્ણયને કામચલાઉ મંજૂરી આપી દીધી છે. આ રાહત સપ્લિમેન્ટલ ન્યુટ્રીશન આસિસ્ટન્સ પ્રોગ્રામ હેઠળ આપવામાં આવે છે, જેનાથી લગભગ ૪.૨ કરોડ અમેરિકન્સને દર મહિને ખાવાનો સામાન મળે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કેતાનજી બ્રાઉન જેક્સને કહ્યું કે, આ આદેશ માત્ર ત્યાં સુધી જ અમલમાં રહેશે જ્યાં સુધી નીચલી અદાલત આ મામલે નિર્ણય ન આપે. કોર્ટે કહ્યું કે વહીવટને સ્થિતિ સંભાળવા માટે થોડો સમય આપવામાં આવી રહ્યો છે. આ પહેલા રોડ આઈલેન્ડના એક જજ જોન મેકકોનેલે સરકારને તાત્કાલિક સંપૂર્ણ રકમ જારી કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, સરકાર ગરીબોને મળતી સહાય રોકીને રાજકીય રમત રમી રહી છે. જોકે, ટ્રમ્પ વહીવટીતંત્રએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરતા કહ્યું હતું કે, 'નીચલી અદાલતનો આદેશ શટડાઉનની અરાજકતાને વધુ વધારશે.' સરકારના આ વલણની ટીકા



પણ થઈ છે. ડેમોક્રેસી ફોરવર્ડ નામના સંગઠને કોર્ટમાં કહ્યું હતું કે, ટ્રમ્પ વહીવટી તંત્ર ગરીબ અમેરિકનોના જીવન ખિલવાડ કરી રહ્યું છે.

હાલમાં કોર્ટે વહીવટીતંત્રને રાહત આપી છે, પરંતુ આની સીધી અસર એ પરિવારો પર પડશે જેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે આ માસિક સહાય પર આધાર રાખે છે. હવે આગળનો નિર્ણય ફર્સ્ટ સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સ કરશે કે ટ્રમ્પ વહીવટીતંત્રએ સંપૂર્ણ સપ્લિમેન્ટલ ન્યુટ્રીશન આસિસ્ટન્સ પ્રોગ્રામ રકમ આપવાની રહેશે કે નહીં.બીજી તરફ ગરીબ વર્ગમાં ચિંતા છે કે જો ફંડિંગ સમયસર નહીં મળશે તો કરોડો લોકોને ખાવાના ફાંફા પડી શકે છે.

અમેરિકામાં લાખો ગરીબ પરિવારો માટે ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રએ નવેમ્બર મહિના માટે મળનારી ફૂડ સહાયતાની અડધી રકમ રોકી દીધી છે અને હવે સુપ્રીમ કોર્ટે પણ આ નિર્ણયને કામચલાઉ મંજૂરી આપી દીધી છે. આ રાહત સપ્લિમેન્ટલ ન્યુટ્રીશન આસિસ્ટન્સ પ્રોગ્રામ હેઠળ આપવામાં આવે છે, જેનાથી લગભગ ૪.૨ કરોડ અમેરિકન્સને દર મહિને ખાવાનો સામાન મળે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કેતાનજી બ્રાઉન જેક્સને કહ્યું કે, આ આદેશ માત્ર ત્યાં સુધી જ અમલમાં રહેશે જ્યાં સુધી નીચલી અદાલત આ મામલે નિર્ણય ન આપે.

### લગભગ દસમા ભાગનો હિસ્સો ફ્રોડ એડમાંથી આવ્યો


## Metaએ ફ્રોડ જાહેરાતો બતાવીને ૧.૪૪ લાખ કરોડની કમાણી કરી!

**લીક ડોક્યુમેન્ટમાં ઘટસ્ફોટ ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાનો ઇન્ટર્નલ ડોક્યુમેન્ટ લીક થયો છે**

। એજન્સી, વોશિંગ્ટન, તા.૮ ।

લીક ડોક્યુમેન્ટમાં ઘટસ્ફોટ ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાનો ઈન્ટર્નલ ડોક્યુમેન્ટ લીક થયો છે. લીક ડોક્યુમેન્ટ મુજબ કંપનીની કમાણીનો લગભગ દસમા ભાગનો હિસ્સો ફ્રોડ એડમાંથી આવ્યો છે. કંપનીની આવકનો દસમા ભાગનો હિસ્સો એટલે કે ૧૬ અબજ ડોલર એટલે કે ૧૪૧૯ અબજ રુપિયા (૧.૪૪ લાખ કરોડ)ની આવક છેતરપિંડી આચરવા લોકોને સપડાવતી એડમાંથી આવ્યો છે. આનો ખુલાસો બીજે ક્યાંય નહીં પણ કંપનીના આંતરિક દસ્તાવેજમાંથી થયો છે. સોશિયલ મીડિયા કંપની કમસેકમ ત્રણ વર્ષ સુધી બનાવટી ઈ-કોમર્સ એડ, ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ અને ગેરકાયદેસર ઓનલાઈન કેસિનોની એડ રોકી શકી નથી. આ જાહેરાતોને ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર અબજો યુઝર્સે જોઈ છે. કંપનીના આંતરિક ડોક્યુમેન્ટ મુજબ મેટા પ્લેટફોર્મ્સ પર દરરોજ લગભગ ૧૫ અબજ હાઈ રિસ્ક એડ બતાવે છે. આ એડમાં સ્પષ્ટપણે ફ્રોડનો સંકેત મળે છે. મેટા આ પ્રકારની એડથી દર વર્ષે સાત અબજ ડોલર જેટલી જંગી કમાણી કરે છે. આ એડ એવા માર્કેટ્સમાંથી આવતી હોય છે જે સ્પષ્ટપણે શંકાસ્પદ હોય છે.આનો સીધો અર્થ એમ કરી શકાય કે મેટાની ઈન્ટરનલ વોર્નિંગ સિસ્ટમને સરળતાથી ફ્લેગ કરી શકાય છે. કંપની આવા એડ પર ફક્ત ત્યારે જ પ્રતિબંધ મૂકે છે જ્યારે ઓટોમેટેડ સિસ્ટમને ૯૫ ટકા ખાતરી હોય કે તે સ્કેમ ચલાવી રહ્યા છે. હવે જો ફ્રોડની સંભાવના સિસ્ટમને ૯૫ ટકાથી ઓછી લાગે તો મેટા આવી પેઈડ એડને વધુ મોટો ચાર્જ લઈ બતાવે છે. કંપનીના દસ્તાવેજો મુજબ જોઈએ તો યુઝર્સ આ પેઈડ એડ પર ક્લિક કરે છે તો તેમને વધારે યુઝર્સ દેખાય છે. આવું કંપનીની એડ પર્સનલાઈઝ્ડ સિસ્ટમના કારણે થાય છે. ભૂતપૂર્વ સેફ્ટી એન્જિનિયરે જણાવ્યું હતું કે જો રેગ્યુલેટરો બેન્કોને છેતરપિંડીની રકમમાંથી કમાણી કરવા દેતા નથી તો ટેકનોલોજી કંપનીઓને પણ છૂટ ન હોવી જોઈએ. મેટાના પ્રવક્તાએ આ આરોપોને ફગાવી દીધા છે. લીક ડૉક્યુમેન્ટમાં ઘટસ્ફોટ ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાનો ઈન્ટર્નલ ડોક્યુમેન્ટ લીક થયો છે. લીક ડોક્યુમેન્ટ મુજબ કંપનીની કમાણીનો લગભગ દસમા ભાગનો હિસ્સો ફ્રોડ એડમાંથી આવ્યો છે.

## કેટરિના કૈફને ત્યાં પણ પુત્ર જન્મ, બોલીવૂડમાં વધામણીનો વરસાદ




। એજન્સી, મુંબઇ, તા.૮ ।

કેટરિના કૈફ અને વિક્કા કૌશલ એક પુત્રના માતા પિતા બન્યાં છે. તેમણે શુક્રવારે સોશિયલ મીડિયા પર આ ઘોષણા કરી હતી. તેમની આ પોસ્ટ તરત વાયરલ થઈ હતી. તેમની સોશિયલ મીડિયા પોસ્ટને સાત કલાકના સમયગાળામાં જ ૩૩ લાખથી વધુ લાઈક્સ મળી હતી. બોલીવૂડમાંથી શ્રેયા ઘોષાલ, રાજકુમાર રાવ, સોનમ, અનિલ કપૂર, દીપિકા પ દુકોણ, રણવીર સિંહ, આયુષમાન ખુરાના, આદિત્ય ધર, કરિશ્મા કપૂર, સોનાક્ષી સિંહા, સોની રાઝદાન સહિતની અનેક હસ્તીઓએ તથા લાખો ચાહકોએ કપલ પર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો. બોલીવૂડમાં દીપિકા, આલિયા, બિપાશા સહિતની હિરોઈનોએ એક પછી એક પુત્રીઓને જન્મ આપ્યો હતો. પરંતુ તાજેતરમાં પરિણિતી ચોપરાએ પુત્રને જન્મ આપ્યો હતો. પરિણિતી પછી કેટરિનાને ત્યાં પણ દીકરો જન્મ્યો છે. કેટરિના ૪૨ વર્ષની વયે માતા બની છે. તે પ્રેગનન્ટ હોવાની અટકળો લાંબા સમયથી ચાલતી હતી. છેવટે ગઈ તા. ૨૩મી સપ્ટેમ્બરે તેમણે પ્રેગનન્સીની સત્તાવાર ઘોષણા કરી હતી. કેટરિના અને વિક્કીનાં લગ્ન ૨૦૨૧ના ડિસેમ્બરમાં રાજસ્થાનમાં બરવાળા ફોર્ટ ખાતે થયાં હતાં. કેટરિના કૈફ અને વિક્કા કૌશલ એક પુત્રના માતા પિતા બન્યાં છે. તેમણે શુક્રવારે સોશિયલ મીડિયા પર આ ઘોષણા કરી હતી. તેમની આ પોસ્ટ તરત વાયરલ થઈ હતી. તેમની સોશિયલ મીડિયા પોસ્ટને સાત કલાકના સમયગાળામાં જ ૩૩ લાખથી વધુ લાઈક્સ મળી હતી.

## ઇન્ડોનેશિયાની મસ્જિદમાં નમાઝ સમયે વિસ્ફોટ, ૬૦ લોકો ઘાયલ

। એજન્સી, જકાર્તા, તા.૮ ।

ઈન્ડોનેશિયામાં એક મસ્જિદમાં બે વિસ્ફોટ થયા હતા, જેમાં ૬૦ જેટલા લોકો ઘાયલ થયા છે. રાજધાની જકાર્તામાં કેલાપા ગાદિંગમાં આવેલી મસ્જિદમાં શુક્રવારની નમાઝ સમયે વિસ્ફોટ થયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ બે વિસ્ફોટ થયા હતા, એક વિસ્ફોટ મસ્જિદની અંદર અને એક બહાર થયો હતો. જેમાં ૬૦ જેટલા લોકો ઘાયલ થયા છે. વિસ્ફોટ થયો તે મસ્જિદ એક સ્કૂલમાં આવેલી છે. જેને પગલે ઘાયલોમાં મોટાભાગના વિદ્યાર્થીઓ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આ હુમલામાં શંકાસ્પદ હુમલાખોર પણ ઘાયલ થયો છે.રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વિસ્ફોટને એક વિદ્યાર્થી દ્વારા અંજામ અપાયો છે.ઈન્ડોનેશિયામાં એક મસ્જિદમાં બે વિસ્ફોટ થયા હતા, જેમાં ૬૦ જેટલા લોકો ઘાયલ થયા છે. રાજધાની જકાર્તામાં કેલાપા ગાદિંગમાં આવેલી મસ્જિદમાં શુક્રવારની નમાઝ સમયે વિસ્ફોટ થયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ બે વિસ્ફોટ થયા હતા, એક વિસ્ફોટ મસ્જિદની અંદર અને એક બહાર થયો હતો. જેમાં ૬૦ જેટલા લોકો ઘાયલ થયા છે. વિસ્ફોટ થયો તે મસ્જિદ એક સ્કૂલમાં આવેલી છે. જેને પગલે ઘાયલોમાં મોટાભાગના વિદ્યાર્થીઓ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આ હુમલામાં શંકાસ્પદ હુમલાખોર પણ ઘાયલ થયો છે.

## પશ્ચિમી આફ્રિકન દેશ માલીમાં આતંકીઓ દ્વારા પાંચ ભારતીયોના અપહરણથી પરિવારમાં ચિંતાનો માહોલ

। એજન્સી, માલી, તા.૮ ।

પશ્ચિમી આફ્રિકન દેશ માલીમાં અજાણ્યા બંદૂકધારીઓએ વીજળીકરણ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા પ ાંચ ભારતીય નાગરિકોનું અપહરણ કરતાં આફ્રિકામાં ભારતીયોની સુરક્ષા અંગે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કંપની અને સુરક્ષા સૂત્રોએ આ ઘટનાની પુષ્ટિ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે ગુરુવારે કોબ્રી વિસ્તાર પાસે તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેઓ માલીના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી પુરવઠા પ્રોજેક્ટ ચલાવતી કંપનીના કર્મચારી હતા. કંપનીના પ્રતિનિધિએ પાંચ ભારતીય નાગરિકોના અપહરણની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે બાકીના કર્મચારીઓને રાજધાની બમાકો સુરક્ષિત પહોંચાડી દેવાયા છે. હાલમાં, કોઈ પણ જૂથે આ અપહરણની જવાબદારી લીધી નથી. માલીમાં હાલમાં સૈન્ય જુન્ટાની સત્તા છે, પરંતુ દેશ આતંકી હિંસા અને અશાંતિથી પ ીડાઈ રહ્યો છે. અહીં ઈસ્લામિક સ્ટેટ, અલ કાયદા, અને 'ગ્રુપ ફોર ધ સપોર્ટ ઓફ ઈસ્લામ એન્ડ મુસ્લિમ્સ ' જેવા જિહાદી જૂથોનો પ્રભાવ છે, જેમાં ત્રદ્વૈંસ લોકોને પરેશાન કરી રહ્યું છે.માલીની ઘટના બાદ, આફ્રિકામાં ભારતીય કામદારોની સુરક્ષા અંગે ચિંતા વધી છે, કારણ કે થોડા સમય પહેલાં જ સુદાનમાં ઓડિશાના આદર્શ બેહેરાનું અપહરણ થયું હતું. તેમને રેપિડ સપોર્ટ ફોર્સ મિલિશિયાએ બંધક બનાવ્યા છે. એક વીડિયોમાં આદર્શ બે હથિયારબંધ સૈનિકો સાથે દેખાય છે, જેમાંથી એકે તેમને 'શાહરૂખ ખાનને જાણો છો?' તેવું પૂછ્યું હતું અને બીજાએ તેમને ઈજીપ્ત પ્રમુખ 'મોહમ્મદ હામદાન ડગાલો (હેમેતી)'ના નામ પરથી 'ડગાલો ગુડ' કહેવા જણાવ્યું હતું.

### મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

### હજારો એર ટ્રાફિક કંટ્રોલર્સ અને ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન નિરીક્ષકો પગાર વિના કામ કરી રહ્યા છે । આવી પરિસ્થિતિમાં સલામતીના ધોરણો જાળવવા માટે ફ્લાઇટ ઘટાડવાનું પગલું જરૂરી હતું

## અમેરિકામાં શટડાઉનની અસર દેખાવા લાગી ૪૦ એરપોર્ટ પર હજારથી વધુ ફ્લાઈટ કેન્સલ

। એજન્સી, વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકામાં ચાલી રહેલા લાંબા શટડાઉનની અસર હવે દેશની હવાઈ સેવાઓ પર જોવા મળી રહી છે. સરકારી ભંડોળના અભાવે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા લેવાયેલા પગલાંને કારણે દેશભરમાં એક હજારથી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.FAA અનુસાર, શટડાઉનને કારણે કર્મચારીઓને પગાર ચૂકવવામાં થતી નાણાકીય મુશ્કેલીને કારણે આ ઘટાડો લાગુ કરવો પડ્યો છે. FAAએ સ્પષ્ટતા કરી છે કે જો કોંગ્રેસ ભંડોળની ડીલ પર સંમત થવામાં નિષ્ફળ જશે, તો આવતા સપ્તાહમાં આ પગાર કાપ વધારીને ૧૦ ટકા સુધી કરવામાં આવી શકે છે. જો પરિસ્થિતિ યથાવત્ રહેશે તો, એરલાઈન્સને મંગળવારે (૧૧મી નવેમ્બર) આ એરપોર્ટ પર તેમની ૬ ટકા, ગુરુવારે (૧૩મી નવેમ્બર) ૮ ટકા અને આવતા શુક્રવારે (૧૪મી નવેમ્બર) ૧૦ ટકા ફ્લાઈટ્સ રદ કરવી પડી શકે છે.હાલમાં અમેરિકામાં શટડાઉનનો ૩૮મો દિવસ ચાલી રહ્યો છે, અને તે ધીમે ધીમે વિવિધ ક્ષેત્રોને અસર કરી રહ્યો છે. આ શટડાઉન અત્યાર સુધીનો



સૌથી લાંબો શટડાઉન છે. અગાઉ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન ૩૫ દિવસનો સૌથી લાંબો શટડાઉન નોંધાયો હતો.FAAએ અગાઉ જણાવ્યું હતું કે, શટડાઉનને કારણે સ્ટાફની તીવ્ર અછત સર્જાઈ છે. હજારો એર ટ્રાફિક કંટ્રોલર્સ અને ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન નિરીક્ષકો પગાર વિના કામ કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં સલામતીના ધોરણો જાળવવા માટે ફ્લાઈટ ઘટાડવાનું પગલું જરૂરી હતું. એવિએશન એનાલિટિક્સ કંપની સિરિયમના ડેટા અનુસાર, સાતમીથી નવમી નવેમ્બર દરમિયાન ૧,૭૦૦થી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. FAAના આદેશ મુજબ, પ ગાર ચૂકવવાને કારણે થતી નાણાકીય મુશ્કેલીને ધ્યાનમાં રાખીને અમેરિકાના ૪૦ મુખ્ય એરપોર્ટ પર ડોમેસ્ટિક ફ્લાઈટ કામગીરીમાં શરૂઆતમાં ૪ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જે મુખ્ય એરપોર્ટની સેવાઓ ખોરવાઈ છે તેમાં એટલાન્ટા, ડેનવર, નેવાર્ક, શિકાગો, હ્યુસ્ટન અને લોસ એન્જલસ જેવા મોટા શહેરોના એરપોર્ટનો સમાવેશ થાય છે. અમેરિકામાં ચાલી રહેલા લાંબા શટડાઉનની અસર હવે દેશની હવાઈ સેવાઓ પર જોવા મળી રહી છે. સરકારી ભંડોળના અભાવે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા લેવાયેલા પગલાંને કારણે દેશભરમાં એક હજારથી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

**પાકિસ્તાન હવે** — **અમેરિકન નોકરીઓના રક્ષણ અને વિદેશી વ્યાવસાયિકો કરતાં સ્થાનિક કર્મચારીઓને પ્રાથમિકતા આપવાની તેમની નીતિનો એક ભાગ છે**

## અમેરિકાએ શરૂ કરી ૧૭૫થી વધુ એચ-૧બી વિઝા કંપનીઓની તપાસ

। એજન્સી, ઈસ્લામાબાદ, તા.૬ ।

અમેરિકન સરકારે H-1B વિઝા પ્રોગ્રામના સંભવિત દુરુપયોગને લઈને કડક વલણ અપનાવ્યું છે. અમેરિકન કંપનીઓમાં ટેકનોલોજી અને એન્જિનિયરિંગ જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી નિષ્ણાતોને નોકરી પર રાખવાની મંજૂરી આપતા આ વિઝા પ્રોગ્રામના દુરુપયોગની આશંકાના પગલે સરકારે ઓછામાં ઓછી ૧૭૫ કંપનીઓ સામે તપાસ શરૂ કરી છે.ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લેવાયેલો આ નિર્ણય અમેરિકન નોકરીઓના રક્ષણ અને વિદેશી વ્યાવસાયિકો કરતાં સ્થાનિક કર્મચારીઓને પ્રાથમિકતા આપવાની તેમની નીતિનો એક ભાગ છે. ઈમિગ્રેશન સુધારા અને નોકરી સુરક્ષા સંબંધિત ઘણાં મોટા નિર્ણયો




તાજેતરમાં લેવામાં આવ્યા છે.સપ્ટેમ્બર મહિનામાં અમેરિકાના શ્રમ વિભાગે 'પ્રોજેક્ટ ફાયરવોલ' નામની એક પહેલ શરૂ કરી હતી. આ પ્રોજેક્ટનો હેતુ કંપનીઓને ઓછા વેતન પર વિદેશી કર્મચારીઓને નોકરી પર રાખવાથી અટકાવવાનો અને યોગ્ય અમેરિકન કર્મચારીઓને નોકરી પર રાખવાને પ્રોત્સાહન આપવાનો છે. અમેરિકાના લેબર સેક્રેટરી લોરી ચાવેઝ ડેરેમરે જણાવ્યું કે, 'અમે H-1B વિઝાના દુરુપયોગને રોકવા માટે દરેક શક્ય પગલાં લઈ રહ્યા છીએ.' બીજી તરફ શ્રમ વિભાગ H-1B વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે.તાજેતરમાં શ્રમ વિભાગે એક આક્રમક સોશિયલ મીડિયા ઝુંબેશ પણ શરૂ કરી હતી. આ ઝુંબેશમાં કેટલીક કંપનીઓ પર યુવા અમેરિકન કર્મચારીને સસ્તા વિદેશી કર્મચારી સાથે બદલવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો હતો.

આ ઝુંબેશમાં ભારતને H-1B વિઝાના સૌથી મોટા લાભાર્થી તરીકે પ્રકાશિત કરવામાં આવ્યું હતું. ઝુંબેશનો સ્પષ્ટ સંદેશ એ હતો કે H-1B વિઝાના દુરુપયોગ દ્વારા વિદેશી કામદારોને નોકરીઓ આપીને અમેરિકન કર્મચારીઓ પાસેથી 'અમેરિકાના સપના' છીનવી લેવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, H-1B વિઝા લાંબા સમયથી યુએસ ટેક ઉદ્યોગમાં વૈશ્વિક પ્રતિભાને આકર્ષિત કરવા માટે એક મહત્વપૂર્ણ સાધન રહ્યું છે, પરંતુ હવે આ વિઝા પ્રોગ્રામ નોકરીની સુરક્ષા અને ઈમિગ્રેશન સુધારા અંગેની રાષ્ટ્રીય ચર્ચામાં એક મુખ્ય અને વિવાદાસ્પદ મુદ્દો બની ગયો છે.અમેરિકન સરકારે H-1B વિઝા પ્રોગ્રામના સંભવિત દુરુપયોગને લઈને કડક વલણ અપનાવ્યું છે. અમેરિકન કંપનીઓમાં ટેકનોલોજી અને એન્જિનિયરિંગ જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી નિષ્ણાતોને નોકરી પર રાખવાની મંજૂરી આપતા આ વિઝા પ્રોગ્રામના દુરુપયોગની આશંકાના પગલે સરકારે ઓછામાં ઓછી ૧૭૫ કંપનીઓ સામે તપાસ શરૂ કરી છે.

## કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું

# ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી કિસાન સંઘ નારાજ

### રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું. રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. આગામી સમયમા ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઈ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે.

તેમણે આગળ કહ્યું કે, ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂરું છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોય શકે. ૧૦,૦૦૦ કરોડના ઐતિહાસિક પેકેજની વાતો સરકાર કરતી હોય તો, ખેડૂતોના ભાગે શું આપ્યું એ મોટો પ્રશ્ન છે. ખેડૂતોનો ખર્ચાની વાત કરીએ તો, પર વીધે ૧૮૦૦૦ થી ૨૮૦૦૦ જેટલો ખર્ચ છે. આજે પ્રકારનું ખેડૂતોને નુકસાન થયું છે તે ખર્ચ પહેલા નુકસાનને બહાર કાઢવાનું પણ નથી.

કિસાન સંઘે કહ્યું કે, સરકાર અને સમાજ જેને ખરેખર નુકસાન થયું છે એના માટે કશું નથી. સમાજના સૃષ્ટિઓ સમાજના ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેક્ટર પૈસા આપી શકીશું. સમાજે હવે આગળ આવવું પડશે. ખેડૂતોમાં સરકારના પેકેજથી અસંતોષ છે. ખેડૂતોમાં આક્રોશ છે. જો ખેડૂતો આગળ આવશે તો ભારતીય કિસાન સંઘ પણ ખેડૂતોના પડખે રહેશે.

આર.કે પટેલે કહ્યું કે, સરકારે જે આધારે આ પેકેજ જાહેર કર્યું છે તેનો આધાર મૂકવુ જોઈએ. ખેડૂતો માટે ઘાસચારો પણ ન આવે એ પ્રકારનું પેકેજ છે. સરકારે પુનઃ વિચાર કરવાની અમારી માંગ છે. સરકારે પિયત અને બિન પીયતની બાબત કાઢી નાંખી એ આવકારદાયક છે.

તો બીજી તરફ, ખેડૂતોને સરકારે આપેલી સહાય સામે કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, રાજ્યના દરેક ખેડૂતના માથે ૫૬ હજારનું દેવું છે. ખેડૂતોની વહારે આવવાને બદલે ખેડૂતોને સરકાર પડીકું આપી રહી છે. આજે જગતનો તાત તમામ રીતે હેરાન છે અને આર્થિક રીતે પાયમાલ છે. રાજ્યમાં ત્રણ દાયકાથી ભાજપનું શાસન છે. એક તરફ રૂઠી છે અને સરકાર દયાહીન દેખાઈ રહી છે. સરકાર કહે છે ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. પરંતું ખેડૂતો કહે છે આ પેકેજ નહીં પડીકું છે.



### ખેડૂત દેવામાં ડૂબી જશે તો આત્મહત્યાનો દોર ગુજરાતમાં વધારે ચાલશે । દ્વારકામાં ખેડૂતે આત્મહત્યા કરી

ખેડૂત દેવામાં ડૂબી જશે તો આત્મહત્યાનો દોર ગુજરાતમાં વધારે ચાલશે. દ્વારકામાં ખેડૂતે આત્મહત્યા કરી. સાચા અર્થમાં સરકાર ખેડૂત વિરોધી છે. ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવા કોંગ્રેસની માંગ છે. જો દેવા માફી નહી આપવામાં આવે તો આગામી સમયે કોંગ્રેસ ખેડૂતો સાથે રહી આંદોલન કરશે. પાક વીમો નથી જેના કારણે સરકાર સામે ખેડૂતોએ ભીખ માંગાવી પડે છે. ગુજરાતમાં પાક વીમા લાગુ કરવામાં આવે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂરું છે.



### ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે

ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું. રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. આગામી સમયમા ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઇ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે. તેમણે આગળ કહ્યું કે, ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં જસદણના કનેશરા ખડવાવડી ખાતે અકસ્માતમાં બેનાં મોત નિપજ્યાં

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં જસદણના કનેશરા ખડવાવડી ખાતે થયેલા અકસ્માતમાં બેનાં મોત થયા છે. કાર વીજપોલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર બે લોકોના મોત નીપજ્યા હતા. કારમાં સવાર સામંત મકવાણા અને સંજય પલાળિયા નામના શખ્સનું મોત થયું હતું.અકસ્માત થયા પછી કાર વીજ પોલને અથડાઈને એટલી દબાઈ ગઈ હતી કે કારના તૂટેલા ભાગો દૂર કરીને મૃતદેહ બહાર કાઢવા પડ્યા હતા. બંને મૃતક જસદણના ખડવાવડી ગામના રહેવાસી હતી. અકસ્માતની ઘટના બનવાના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. સ્થાનિકોને અકસ્માત જોઈને જ લાગ્યું હતું કે આમા તો બચવું જ અશક્ય છે. કારનો એકદમ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. કાર વળીને બુકડો બની ગઈ હતી. આના પરથી જ જણાઈ આવે છે કે કાર કેટલી ઝડપે આવતી હતી. અકસ્માત સ્થળે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. બંને મૃતકોના કુટુંબમાં ખબર પડતાં રોક્કળનું વાતાવરણ સર્જાયું હતું.

### જામનગરના ધ્રોલમાં પતિની આત્મહત્યા, પત્ની પણ કૂવામાં કૂદી

। પ્રતિનિધિ, જામનગર, તા.૮ ।

જામનગરના ધ્રોલમાં પતિની આત્મહત્યાના આઘાતથી પત્ની પણ કૂવામાં કૂદી હતી. યુવાનની આત્મહત્યા પછી પત્ની ગુમ થઈ હતી. ગુમ થયાના પાંચ દિવસ પછી પત્નીનો મૃતદેહ મળી આવ્યો હતો. પત્નીનો મૃતદેહ વાડીના કૂવામાંથી મળી આવ્યો હતો. પાંચ દિવસ પહેલા પતિએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. દંપતી વચ્ચે વિખવાદ પછી આ ઘટના બની હોવાની પોલીસને શંકા છે.આ બનાવની વિગત જોઈએ તો ધ્રોલ તાલુકાના રોજીયા ગામમાં ખેડૂત લગધીરસિંહ જાડેજાની વાડીમાં પરપ્રાંતીય શ્રમિક દંપતી ખેતમજૂરી કરતું હતું. મધ્યપ્રદેશના અલીરાજપુરના વતની દંપતીમાં પતિ ગોરધનભાઈ વસુનિયા અને પત્નીરાહલીબેનવસુનિયામજૂરીકરતા હતા. દંપતી વચ્ચે ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ની રાત્રે કોઈ બાબતને લઈને બોલાચાલી થઈ હતી.પત્ની સાથે બોલાચાલીના કારણે પતિ ગોરધનભાઈને મનમાં લાગી આવ્યું હતું. તેના કારણે ગોરધનભાઈએ મગફળીના ગોડાઉનમાં ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી હતી. આ બાબતની જાણ થતાં રાહલી બેને ગોરધનભાઈએ તેમને નીચે ઉતાર્યા હતા, પરંતુ પતિ મૃત્યુ પામ્યા હોવાનું જાણી તે અચાનક ગભરાઈ ગઈ હતી.

# ખેડૂતોના ખેતરે મંત્રીઓએ ફોટા પડાવ્યા બાદ કોથળામાંથી બિલાડું કાઢ્યું : ગોપાલ ઈટાલિયા

### સરકારે જાહેર કરેલા પેકેજ અંગે નિવેદન આપતા કહ્યું કે, સહાય પેકેજમાંથી ખેડૂતોને આત્મહત્યા કરવા ઝેરી દવા ખરીદી શકાય

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગુજરાત સરકારે જાહેર કરેલ ખેડૂતોના સહાય પેકેજને 'મજાક' પેકેજ ગણાવ્યું. સરકારે જાહેર કરેલા પેકેજ અંગે નિવેદન આપતા કહ્યું કે, સહાય પેકેજમાંથી ખેડૂતોને આત્મહત્યા કરવા ઝેરી દવા ખરીદી શકાય. સરકારે એવી જાહેરાત કરી કે ખેડૂતોના ઘરે હેલિકોપ્ટર આવી જાય. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત ખેડૂતોની સહાયતા માટે અત્યાર સુધીનું સૌથી મોટું



આશરે ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યુ છે. જેને ગોપાલ ઈટાલિયાએ મજાક પેકેજ ગણાવ્યું છે. સરકારે જાહેર કરેલ ખેડૂત સહાય પેકેજ મામલે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, ગોપાલ ઈટાલિયાએ આ પેકેજને કૃષિ મજાક પેકેજ ગણાવ્યું. તેમણે કહ્યું કે, સરકારે જાહેરાત એટલી મોટી કરી જાણે ખેડૂતોના ઘરમાં હેલિકોપ્ટર આવી જાય. અઠવાડિયા સુધી ખેડૂતોના ખેતરે મંત્રીઓએ ફોટા પડાવ્યા બાદ કોથળામાંથી બિલાડું કાઢ્યું. એક હેક્ટર દીઠ ૫૦,૦૦૦ ની સહાય ખેડૂતોને મળવી જોઈએ. માત્ર ૨ હેક્ટર નહિ, ખેડૂતોની તમામ નુકસાની આપવી જોઈએ. સરકારે ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવા જોઈએ. ગાંધીધામમાં થયેલ જાહેર સભામાં ગોપાલ ઈટાલિયાને વિસાવદરમાં શું કામ કર્યા તે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. ગાંધીધામની સભામાં પ્રશ્નો પૂછવા મામલે ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, જ્યાં આમ આદમી પાર્ટીની સભા હોય ત્યાં ભાજપના કાર્યકરો આ રીતે ડિસ્ટર્બ કરવાનું કાર્ય કરે છે. ભાજપ પાસે હજુ સમય છે સત્તા છે, તો કામ કરો આવું કરવાથી ભાજપનું ભલું નહીં થાય. સભામાં પૂછાયેલ પ્રશ્ન મામલે પણ ગોપાલ ઈટાલિયાએ જવાબ આપ્યો કે, મને વિસાવદરની જનતાએ ગુજરાતના લોકોની આંખ ઉઘડવા અને ભાજપ ભગાડવા ચૂંટાયો છે.

## જુનાગઢ શહેરનો મૂક્તિ દિવસ છે

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં જુનાગઢ મુક્તિ દિવસની ઉજવણી, શહેરમાં વાહન વ્યવહાર માટે નવા વૈકલ્પિક માર્ગો

### રાજ્યના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં શહેરની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ ખાતેથી સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે એકતા પદયાત્રાનુ પ્રસ્થાન થનાર છે

। પ્રતિનિધિ, જુનાગઢ,તા.૮ ।

આવતી કાલે જુનાગઢ શહેરનો મૂક્તિ દિવસ છે. ૯મી નવેમ્બરે જુનાગઢને અખંડ ભારતના હિસ્સા તરીકે સામેલ કરાયું, ત્યારથી દર વર્ષે ૯મી નવેમ્બરનો દિવસ જૂનાગઢનો મુક્તિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આવતીકાલે રાજ્યના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં શહેરની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ ખાતેથી સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે એકતા પદયાત્રાનુ



પ્રસ્થાન થનાર છે. જેને લઈને પદયાત્રાના માર્ગમાં આવતા તમામ રોડ પરથી વાહન વ્યવહાર સવારના સાત વાગ્યાથી લઈને બપોરના બે વાગ્યા સુધી અન્ય વૈકલ્પિક માર્ગ પર તમામ વાહનો ડાઈવર્ટ કરવામાં આવ્યો છે.

આવતીકાલે સવારે ૭ વાગ્યાથી લઈને બપોરના ૨ વાગ્યા સુધી સોમનાથ, વિસાવદર, રાજકોટ અને જામનગર તરફથી આવતા વાહનો માટે વૈકલ્પિક વ્યવસ્થા વાહન વ્યવહાર માટે કરવામાં આવી છે. જેમાં જુનાગઢ જતા વાહનોને કાળવા ચોક ગીરનાર દરવાજા અને મજેવડી ગેટ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

### બે પુત્રી સાથે ત્રણ પેટ્રોલ પંપના માલિકે કરી આત્મહત્યા, કલોલ નજીક નહેરમાં દિકરીઓના મૃતદેહ મળી આવ્યા

। પ્રતિનિધિ, કલોલ, તા.૮ ।

કલોલ તાલુકામાં આવેલા બોરીસણા ગામના ધીરજભાઈ ભલાભાઈ રબારી ગઈકાલે સવારે પોતાની કારમાં ઘરેથી નીકળ્યા હતા, એમ કહીને કે તેઓ તેમની બે પુત્રીઓના આધાર કાર્ડ બનાવવા જઈ રહ્યા છે. મોડી સાંજ સુધી ઘરે પાછા ન ફરતાં પરિવારે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ધીરજભાઈ અને તેમની બે પુત્રીઓ માટે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ત્રણ પેટ્રોલ પંપ માલિક અને તેની બે માસૂમ પુત્રીઓએ નર્મદા કેનાલમાં કૂદીને આત્મહત્યા કરી લીધી છે. બે પુત્રીઓના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે પિતાની શોધ હજુ ચાલુ છે. આ ઘટનાએ સમગ્ર રબારી સમાજ અને પરગણામાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

## પીકઅપ ટ્રકમાંથી ૫૦ પેટી દારૂ ઝડપાયો

### રાજસ્થાનથી ગુજરાતમાં દારુનો જથ્થો લવાઈ રહ્યો હોવાનો ખુલાસો થયો છે । પોલીસે બાતમીના આધારે પોલીસે લસણની આડમાં દારુની હેરાફેરી કરનાર આરોપીને ઝડપી પાડ્યા છે

# ગાંધીનગરમાં લસણની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ । ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે હવે ગાંધીનગરમાં લસણની આડમાં દારુની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. પીકઅપ ટ્રકમાંથી ૫૦ પેટી દારુ ઝડપાયો છે. મળતી માહિતી અનુસાર રાજસ્થાનથી ગુજરાતમાં દારુનો જથ્થો લવાઈ રહ્યો હોવાનો ખુલાસો થયો છે. ત્યારે પોલીસે બાતમીના આધારે પોલીસે લસણની આડમાં દારુની હેરાફેરી કરનાર આરોપીને ઝડપી પાડ્યા છે.ઉલ્લેખનીય છે કે દારૂબંધી છતાં બુટલેગરો અવનવા કીમિયા દારૂની હેરાફેરી માટે અપનાવે છે. ત્યારે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે લસણની આડમાં લવાતો દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. અડાલજ કેનાલ નજીકથી પિકઅપ ડાલામાં લસણની આડમાં ગેરકાયદે




રીતે દારૂ લવાઈ રહ્યો હતો. પોલીસે વિદેશી દારૂનો મોટો જથ્થો સહિત કુલ ૧૨.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સાથે જ બે ઈસમોની ધરપકડ પણ કરી છે ગુજરાતમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે હવે ગાંધીનગરમાં લસણની આડમાં દારુની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. પીકઅપ ટ્રકમાંથી ૫૦ પેટી દારુ ઝડપાયો છે. મળતી માહિતી અનુસાર રાજસ્થાનથી ગુજરાતમાં દારુનો જથ્થો લવાઈ રહ્યો હોવાનો ખુલાસો થયો છે. ત્યારે પોલીસે બાતમીના આધારે પોલીસે લસણની આડમાં દારુની હેરાફેરી કરનાર આરોપીને ઝડપી પાડ્યા છે.ઉલ્લેખનીય છે કે દારૂબંધી છતાં બુટલેગરો અવનવા કીમિયા દારૂની હેરાફેરી માટે અપનાવે છે.

### વિજાપુર હાઈવે પર અકસ્માતમાં શ્રમિક યુવકનું મોત

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૮ ।

વિજાપુર હાઈવે પર ગોવિંદપુરા અને આનંદપુરા ચોકડી વચ્ચે ગત રાત્રે (શનિવારે) એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેફામ કાર ચાલકે રોડ પર જઈ રહેલા શ્રમિક દીપક વાઘેલાને ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.



# ગુજરાતમાં ઠંડીનું આગમન, અમદાવાદમાં પણ નોંધપાત્ર ઠંડીનો અનુભવ થશે

### આ સિઝનમાં અમદાવાદમાં પ્રથમ વખત ૧૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૮ ।

આ સિઝનમાં અમદાવાદમાં પ્રથમ વખત ૧૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે, જ્યારે નલિયામાં સૌથી ઓછું ૧૬.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે અને રાજ્યભરમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. રાજ્યમાંથી હવે કમોસમી વરસાદ વિદાય લઈ રહ્યો છે, અને શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે. છેલ્લા ચાર દિવસથી રાજ્યમાં હવામાન બદલાયું છે, અને ઠંડી ધીમે ધીમે પોતાની હાજરી દર્શાવવા લાગી છે. રાત્રિ અને સવારના સમયે ઠંડી ખાસ કરીને નોંધપાત્ર રીતે લાગી રહી છે.

આપને જણાવી દઈએ ગુજરાતમાં તાપમાન, ગાંધીનગરમાં ૧૬.૫ ડિગ્રી, ડીસામાં ૧૬.૩ ડિગ્રી, વડોદરામાં ૧૬.૬ ડિગ્રી, અમરેલીમાં ૧૬.૬ ડિગ્રી, કંડલામાં ૧૭ ડિગ્રી, મહુવામાં ૧૮.૧ ડિગ્રી, રાજકોટમાં ૧૮.૫ ડિગ્રી, ભુજમાં ૧૮.૮ ડિગ્રી, સુરતમાં ૧૯.૮ ડિગ્રી, દમણમાં ૨૦ ડિગ્રી, પોરબંદરમાં ૧૯.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૯ ડિગ્રી, દીવમાં ૨૦.૮ ડિગ્રી અને કેશોદમાં ૨૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ત્યારે હવામાન વિભાગે આજ રાતથી રાજ્યમાં ઠંડીમાં વધારો થવાની આગાહી કરી છે.

### અમદાવાદમાં પણ નોંધપાત્ર ઠંડીનો અનુભવ થશે । છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા કમોસમી વરસાદથી રાજ્યને રાહત મળી

આજથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે, સાથે પવનની દિશામાં પણ ફેરફાર થવાની સંભાવના છે. પવનની દિશા ઉત્તર-પૂર્વથી પૂર્વ તરફ જશે, જેનાથી ઠંડી વધુ તીવ્ર બનશે. ઉત્તર દિશાના પવનોને કારણે તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. ઠંડા પવનોને કારણે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થશે. અમદાવાદમાં પણ નોંધપાત્ર ઠંડીનો અનુભવ થશે.છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા કમોસમી વરસાદથી રાજ્યને રાહત મળી છે. વરસાદી સિસ્ટમના વિદાય સાથે, ગુજરાતમાં હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે, અને ઠંડી ધીમે ધીમે વધશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં રાજ્યભરમાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે, જે શિયાળાની ઋતુના આગમનનો સંકેત આપે છે. ધીરે ધીરે કમોસમી વરસાદ બંધ થતાં, હવામાન શુષ્ક અને ઠંડુ બનશે.







**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya